કહાના કુંભારની
વાર્તા.

(પવિત્ર પાર્વતી)

રચનાર.
G U Bhatt

છપાવી પ્રસિદ્ધ કરનાર:
महादेव रामचंद्र जागुष्टे बूकसेलर,
ત્રણ દરવાજે—અમદાવાદ.

આવૃત્તિ ૨ જી. પ્રત ૨૦૦૦

અમદાવાદ.
ધી જોશી પ્રિન્ટીંગ વર્કસ.

સને ૧૯૦૬ સંવત ૧૯૬૨.

કહાના કુંભારની વાત

અસલનાં વખતમાં પાટણ શેહેરમાં એક કહાનો કરીને કુંભાર હતો નાનપણુથી તેને તેના માતાપિતાએ પરણાવ્યો હતો. અને તે પોતાની નાતમાં ઉંચા કુળનો હતો તેથી તેની કન્યા પણ ઉંચા કુળની અને ખાતાપિતા ઘરની મળી હતી. કહાનાને પરણાવ્યા પછી તેનાં માબાપ મરી ગયાં તેથી તેને કોઇ પોતાનો ધંધો શીખવનાર રહયું નહીં. તેથી તેને હાંલ્લાં ઘડવાનું કે કોઈ પણ પ્રકારનું કુંભાર કામ આવડતું નહોતૂ. માતાપીતાએ જે પાંચ પૈસા એકઠા કર્યા હશે તેમાં થી ખાઈ પીને ફકકડ થઇને ફરતો, પણ એક પાઇનો પણ ઉદ્યમ કરતો નહીં. બે ફિકરો માણુસ તેથી શરીરે મજબુત અને બાપીકા થોડા પઇસા તે વાપરીને સહેલાણી બનેલો, તેથી શરીરે રૂપાળો નહીં તો પણ ટાપટીપીઓ થએલો તેથી કેવળ મજબુત કુંભાર જેવો તેનો દેખાવ થયો હતો. પૈસાંનો એતો સ્વભાવ છે કે જો કાંઇ નવી આવક ન હોય તો ખાધે આખો કુબેરનો ભંડાર પણુ ખુટે, તો આ બિચારા કુંભારની ચાર ઠીકરીઓ શી વિસાતમાં ? આણી તરફ ભાઇ ઉમ્મર લાયક થયા અને પેલી તરફથી કુંભારીઆ મુંજીનો પણ પાર આવ્યો. છેવટે ખાવાપીવાને કસાલા પડવા લાગ્યા ખાવા ધાન્ય અને પહેરવા કપડાં પરમેશ્વર સઉને આપી રહે છે, તે જ્યાં પણુ જેને કોઇ પણુ પ્રકારનો ઉદ્યોગ કરવો ગમતો નહી. તેને

તે બાબતની પણ ચિન્તા કરવી પડે છે. આપણો કહાનો જે કાનજી જેવો ફક્કડ થઇને ફરતો હતો તે હવે કંઇક ચિંન્તાને વશ થવા લા. ગ્યો. પણ નિર્વાહને માટે માણુસ ચારે તરફ નજર કર્યા વિના રહેતો નથી, અને જેને વગર મહેનતે ખાવાની ટેવ પડી હોય છે તે મા- ણુસ તો એવું ખોળવાને અઢાર તરફ નજર કરે છે. તે પ્રમાણે આપ- ણો કહાનો પણ વિચાર કરવા લાગ્યો; વિચાર કરતાં તેને એક સારા- માં સારો પોતાની પાકૃતિ માફક આવે એવો રસ્તો જડી આવ્યો.

મહેનત કર્યા વગર મનગમતું ખાવા પીવાનું તથા ઓઢવા પ હેરવાનું માન સાથે મળે એવું દુનિયામાં એકજ ઠેકાણું છે, અને તે તો પુરૂષનું પોતાનું સાસરૂં છે. કહાને વિચાર્યું કે આપણે હવે સાસરે જવુ, કેમકે હું પણ ઉમ્મર લાયક થયો છું, અને બઇરૂં પણ તેના બાપને ઘેર ઉમ્મગ લાયક થયું હશે, માટે તેડવા જવાનું બહાનું પણ ઠીક છે. ત્યાં જઇને પછી જોઈ લેઇશું. જે બેચાર દિવસ કે દસપં દર દિવસ સાસરામાં રહીને ખાનપાન અને માનની મોજ માણી તે ખરી. આગળ જતાં વળી શી રીતે કરવું તે તો આગળ જોવાનું છે. પણ હાલમાં આવી પડેલી દરિદ્ર દશામાંથી તો થોડા દિવસ છુ ટીશું. આ પ્રમાણે ચોગરદમ નજર દોડાવી આપણા કાના કુંભારે પોતાને સાસેરે જવાનો વિચાર કરયો. તેની પાસે પુંજીમાં તો પોતાનાં ભભકા મારવાનાં કપડાંજ હતાં. એટલે ઘેર તાળુ મારવાની કે સાથે પોટલી બાંધવાની જરૂર પડે તેમ નહોતું. તેથી તે પોતાનો તંગીઓ ટોપી અને રૂમાલ લેઇને છડે દુપટ્ટે પોતાને ઘેરથી પોતાને સાસરે જવા નિકળ્યો. સાસરૂં પાટણ શહેરથી થોડેક છેટે હતું. પણ આ- પણો કહાનો ચાલનાર કાંઇ કાચો નહોતો તેથી સવારનો નિકળ્યો

આશરે બારેક વાગતાના સુમારમાં રોટલા વખતે પોતાના સસરાને ગામ જઇ પહોંચ્યો. ગામમાં જઇને પોતાના સસરાનું ઘર પુછતો પુછતો છેક પોતાનો સસરો તેના આંગણામાં ચાક ઉપરથી ઉઠીને જમવાને માટે હાથ પગ ધોતો હતો, તેવામાં આપણા કુંભાર રાણા કહાનજી ફક્કડ ત્યાં જઇને ઉભા રહ્યા. સસરે જાણ્યું કે કોઇ સારો માણસ છે, માટે પુછ્યું કે સાહેબ આપ કોણ છો ? ત્યારે કહાનાએ પોતે તેનો જમાઇ છે એવી ઓળખાણ પાડી; અને કહ્યું કે હું આણું કરવાને આવ્યો છું.

કહાનાના સસરાએ પહેલાં સાંભળ્યું હતું કે તેના જમાઇને કાંઇ ધંધો રોજગાર આવડતો નથી, અને ખરાબખસ્ત થઇ ગયો છે. કોઇની માથે હાક ન હોવાથી તે કાંઇ ઉદયોગ શીખ્યો નથી અને રખડતો ફરે છે તેથી તેણે પોતાની દીકરીને તેને સાસરે મોકલવાની ઉતાવળ કરવાનું માંડી વાળ્યું હતું. તેણે એવો ઠરાવ પોતાના મન સાથે કર્યો હતો કે જો જમાઇ સુધરે તો પોતાની દીકરીને તેને ઘેર મોકલવી એને જો ન સુધરે તો તેનો છેડાછુટકો કરાવી કોઇ રળીખાતા કુંભારને ત્યાં ઠામ બેસાડવી પણ જ્યારે સસરાએ જમાઇને જોયો ત્યારે તેનો મોટા માણસ જેવો પોશાકી ડોળ જોઇને તથા તેનો ઉજળામણ વાળો દેખાવ જોઇને પોતાના મનમાં વિચાર્યું કે આ કોઇ સારે ઉજળે ધંધે લાગેલો છે, અને અદેખી નાતના લોકોએ અદેખાઇને લીધે ખોટી વાતો ઉડાડીને એની બદખોઇ કરી હશે. સસરાના મનમાં શાન્તિ થઇ કે ચાલો જમાઇ તો સારો છે. તે ઉપરથી તેણે પોતાના જમાઇનો આદરસત્કાર કરીને પોતાને ઘેર રાખ્યો, ઉતારો આપ્યો, તથા પોતાની ઓરતને

મહુડાંનો કંસાર અને ઘીનું જમણ તૈયાર કરવાને કહ્યું. સાસુએ પણ પોતાનો જમાઇ આવો ગૃહસ્થના જેવા દેખાવવાળો છે એ જોઇને મનમાં જાણ્યું કે છોકરી તો સુખી થઇ. તેણે હર્ષમાંને હર્ષમાં તરત રસોઇ તૈયાર કરી. અને સસરો જમાઇ જમવા બેઠા અને સાસુ હરખે હરખે પીરસવા લાગી. જમતાં જમતાં આપણા કહાનાએ તો કંદોઇના ઘરનાં પકવાનોની વાતો કરવા માંડી તે સાંભળીને સાસુ સસરાએ તો જાણ્યું કે જમાઇ કેવાએ ભાગ્યશાળી થયા હશે કે રોજ પકવાનનો થાળ આરોગતા હશે; પણ તેમને બિચારાંને કાંઇ ખબર નહોતી કે કંદોઇ અને હાપડીઆને સાંજ જમાઇનું સઘળું જર જોખમાયું છે. નવો આવેલો મેમાન તે પોતાનો પતિ છે, એમ કહાનાની વહુ પાલીએ ઘરમાં મચેલી ધાલમેલ અને ધામધુમ ઉપરથી જાણ્યું. તેણે પણ છેટે રહે રહે ઘુમટામાંથી જોયું તો સાહ્યાનું સ્વરૂપ જોઇને તે બિચારી કુંભાર કન્યાની હસો તુટવા લાગી. અહો કેવો વરણાગીઓ અને પહેલવાન ધણી મળ્યો છે, એમ વિચારી વિચારીને તે પોતાને પુરી ભાગ્યશાળી સમજવા લાગી. એમ કરતાં કરતાં કહાનાભાઇ તો સાસરે સુખમાં એક, બે, ત્રણ અને ચાર દિવસ રહયા. જમાઇ એટલે કશું કામ તો તેને કરવું પડે નહીં, અને વરણાગી કરતાં તેને શાખવવું પડે તેમ નહોતું, એટલે તેની આવડતની પરીક્ષા થવાનો વખત આવે તેમ નહોતું. પછી પાંચમે દિવસે ઘરમાં એકાન્ત મળવાથી તેની ઓરત પાલીએ પુછ્યું કે હવે આપણે વિદાયગિરી લઇને ક્યારે પાટણ જવું છે ? તમે નકકી કરીને કહો એટલે હું મારી માને કહીને મને વળાવવાનો દિવસ ઠરાવું; અહીં આમને આ.

મ પડયા રહેવાથી તમારો અને મારો બન્નેનો વકકર જાય. સંસારની રીત છે કે સાસરે ઘણું રહેવાથી માણસનો બોજ ઘટે છે. આ પ્રમાણે પાલીએ પોતાના ધણીને કહયું. ત્યારે તે બોલ્યો:–તું કહે ત્યારે આપણે પાટણ જઈએ, પણ તને રળતાં આવડે છે કે ? જો રળતાં આવડતું હોય તો ચાલ આપણે બે પાટણ જઈએ, નિકર અહી રહેવામાં શું ખોટું છે. મારે કામ કરવું પડતું નથી, ઉજળે લુગડે રહેવાય છે, અને મારૂં તેમજ તારૂ ગુજરાન પણ ચાલે છે. ”

પોતાના ધણીનું આવું બોલવું સાંભળીને દિઙ્મુઢ થઇ ગયેલી પાલી તો કાંઇ પણ બોલી શકી નહી. થોડીકવાર પછી હૃદય શુન્યતામાંથી જાગીને તે બોલી–‘ અરે તમે પુરૂષ થઇ આ શું બોલો છો ? રળવાનું કામ તે ભાયડાનું કે બાયડીનું તેમ છતાં પણ કદી એમ ધારો કે મને રળતાં આવડતું હોય તો પણ તમારાથી મારા રળવા ઉપર ગુજરાન ચલાવાય હા, આપણો ધંધો મને આવડે છે. અને તે ધંધો તમે કરો તો આપણી નાતની રીત પ્રમાણે હું પણ તમને મદદ કરવાને તઇયાર છું, પણ મારીજ કમાઇ ઉપર તમે આધાર રાખો એનો કેવળ અંજુગતું ગણાય.’ કહાનો બોલ્યો– હું ધંધો કરૂં પણ મને આ તારા બાપની પેઠે ટપલાં ટીપતાં નથી આવડતા. હું તો તું ઘડે તે ખાઉં. પણ હાંલ્લાંએ તારે ઘડવાનાં અને રોટલાએ પણ તારેજ ઘડવાના. પાલીએ કહયું–હજુ કાંઇ વહી ગયું નથી. જો તમો ઘડતાં શીખો તો હુ કોઇ બાનુ કરીને અહીંજ ચાર પાંચ માસ રહુ અને તમે પણ અહી રહો એમ કરૂં પછી તમને આપણો રોજગાર આવડી જાય એટલે આપણે આપણા ઘરે જઇએ પણ કંઇ પણ રોજગાર આવડયા વિના,

નિભાવ શી રીતે થાય. કહાનાએ તે પ્રમાણે કહીને કુંભાર કામ શીખવાનું કબુલ કર્યું. અને પાલીએ પોતાની માને કહીને પોતાના ધણીને પણ રખાવ્યો. એમ કરતાં કરતાં ચાર મહીનાને બદલે છ મહીના વીતિ ગયા પણ આપણા કનૈયાકુંવરને ચાક ઉપર પેંટા મુકતાં પણ આવડયો નહિ પણ તેને માથા ઉપર ભભકાબંધ ફેંટા મુકતાં તો આવડતો હતો. છેવટે પાલીએ તો આશાજ મુકી કે આને કાંઇ પણ આવડવાનુ નથી. આતો છેલબટાઉ થઇને ફર તો ફરે એજ. તોપણ તેણે વિચાર કર્યો કે ગમે તેવો તોપણ તે મારો ધણી છે; નાતરીયા નાતમાં જેમ કરું તેમ ફાવે ખરૂ. પણ જાતવાન બઇરી તો એનું નામ કે જે ગમે તેમ કરીને પણ સુખે દુખે પોતાના ધણીનું ઘર માંડે શોભતુ અને સાંપડતું હોય તેના તો સો ઘરાક થાય પણ જેવું હોય તેવું નિભાવી લેવામાંજ માણસની માણસાઇ છે. બાકી મનગમતું તો પશુ પણ કરી જાણે છે. માટે મારા માથાના ધણીને મારે પાલવી લેવો તે મારી ફરજ છે; આ પ્રમાણે વિચાર કરીને પાલીએ તો પોતાનાં માબાપને મુકીને સાસરે જવું ગમતુ નથી એવુ બહાનું કરીને પોતાના તથા પોતાના ધણીના મુકામ પોતાના બાપનેજ ઘેર જમાવ્યા રળતા કમાતા સસરાને પોતાનો જમાઇ વધારે પડે નહી. અને માને તો દીકરી આંખ્ય આગળ હોય તો તેનું હઇયુ ઠરે છે. એ સંસારનો નિયમ છે. આ પ્રમાણે કહાનજી તો ઘર જમાઇ થઈ પડયા.

માબાપને તો દીકરી અને જમાઈ બંને પોતાનાં પેટનાંજ છોકરાં જેવાં પણ કાંઇ ભોજાઇને નણંદ અને નણદોઇ રોજ ઘરમાં રહે તે આંખ્યમાં ખટકયા વિના રહે નહી. એકવાર પાણી ભરવાને

પાલીની ભોજાઇ અને પાલી બંને જણ કુવા ઉપર ગયાં. ત્યાં પાણી ભરવાનુ દોરડું કોહેલુ નિકળવાથી પાલી બોલી– ભાભી તમે આ દોરડું લીધું ત્યારેજ મેં કહયું હતું કે કોહેલુ નિકળશે. પણ તમે મા ન્યું નહી અને પેલી ખલાસીઆણ પાસેથી તે ખરિદ્યું હવે તે ઘર જમાઇ ખાતે પડયું રહેશે, આ સાંભળીને ભાભી બોલી—એતો અ મારા ઘરની રીત છે અમે જે ચીજ વહેરીએ છીએ તે ઘર જમાઇ ખાતેજ રહે છે. ઘરડાંની રીત કાંઇ અમારાથી કાઢી નંખાય ! ભો જાઇના આ મર્મના બોલ પાલી પોતાના મનમાં સમજી પણ તે વ ખતે કાંઇ બોલી નહિ. પોતાને અને પોતાના ધણીને પોતાના પિયર ન રહેવું જોઇયે અને રહયાં તે મોટી ભુલ કરી એ વાત તેને બરોબર સમજાઇ.

પછી થોડાક દિવસ લગી તો રોજની માફક કોઇને માલમ ન પડે તેવી રીતે પોતાના બાપને ઘેર પાલી રહી પણ ઘણેક દિવસ પછી તેને પોતાના ધણીને કહયું કે હવે તમે વણોજ આગ્રહ કરીને આપણે ઘેર પાટણ જવાની રજા માઃાં માબાપ પાસે માગી લ્યો તે પ્રમાણે કહાનાએ રજા માગી અને પાલીએ, પણ પોતાની માને સમ જાવીને રજા અપાવી તેથી પાલી અને પાલીનો ધણી આપણો કહા નજીકુંભાર પાટણ જવાને માટે તઇયાર થયાં. આડે મહિને કહાનો તેની વહુ પાલીને તેડીને પાછો પાટણમાં પોતારે ઘેર આવ્યો પાલીએ ઘર વાળી ઝાપટીને સાફ કરયું તથા પોતાનાં માબાપે સાસ રવાસામાં આપેલાં લુગડાં લતામાંથી કેટલાંક વેચી દઇને સોંઘુ સફરૈ શાચરચીલું તથા ધાન્ય ઘરમાં વસાવ્યું.

કહાનો અને પાલી પાટણમાં જઇને પોતારે ઘેર રહયાં, પછી

કહાનાએ પણ પોતાનો ધંધો કરવો જોઇએ તેથી તેઓ એક માટી ખાણમાંથી માટી લેઇ આવ્યાં. અને કહાનાએ વાસણ ઘડવા માંડ્યાં પણ તેને તો સાફસુફ રહીને ખાનસાહેબ થઇને ફરવાની ટેવ પડેલી તેથી છેલબટાઉ બનીને ફરવામાં અને ટાપટીપ કરીને રોફ મારવામાં ઘણો વખત જતો એટલે બારે મહીને પરાણે એક નીંભો થાય એટલાંજ વાસણ ઘડી શકયો. તોપણ તેને રોજ એમ થયાં કરતું કે આવો માટી ચુથવાનો ધંધો કરવો સારો નહિ. પણ કાંઈ બીજો શો ધંધો કરવો તેની તેને સુજ પડે નહી. એમ કરતાં એકવાર એવું બન્યું કે થોડીક બાજરી તડકે સુકવી તેની બાયડી પાણી ભરવાને ગઇ, ત્યારે કહાનાને કહેતી ગઇ કે હું પાણી ભરીને આવું ત્યાં લગી આ બાજરી સાચવજો કે ચકલાં ખાઇ ન જાય. પણ બઇરી પાણી ભરવા ગઈ એટલે સાહેબે ફુટુંતુટું કાચનું ચાટલું પડેલુ તે હાથમાં લીધું અને તેમાં જોઇને પોતાની મુછો આમરવા માંડી. મુંળતો શોખીન અને હાથમાં ચાટલું આવ્યું એટલે એ તો ચાટલામાંજ બુડી ગયા. પણ પેલી બાજરી સામુ તો તેનુ ધયાનજ ના રહયું. એટલે બાજરી ઉપરતો સો પચાસ ચકલાં આવીને ખાવા લાગ્યાં. પણ ચકલીઓનો સ્વભાવ એવો હોય છે કે ખાતાં ખાતાં ચકચક કર્યા કરે. સામટી સો ચકલીનો અવાજ થવા લાગ્યો તેથી કહાનાભાઇ વરણાગીની સમાધિમાંથી જાગ્યા અને જુએ છે તો બાજરી ઉપર સો પોણોસો ચકલાંની ચઢાઇ થયલી જોઇ તેણે જાણ્યુ કે જો બઇરી આવશે તો કકળાટ કરશે માટે આ ચકલાંને તો પુરી શિક્ષા કરૂં. પણ ઉડતું પક્ષી પાડવું એ કાંઇ જેવી તેવી સહેલી વાત નથી તોપણ

લાવ સાળાં ચકલાંને ઉડાવી તો મુકું એમ ધારીને તેણી પાંસે એક લાકડી પડી હતી તે લેઇને જોરભેર ચકલાંના ટોળા ઉપર નાંખી તે આખા જુથમાંથી પાંચેક ચકલાંને વાગી તેથી પાંચેક ચકલાંતો મરી નેજ જમીન ઉપર પડયાં. અને બાક્તનાં ફુરરરર કરતાં કે ઉડી ગયાં કાહાનાએ વિચાર કરયો—અહોહો ! આશું ! એકજ ધામાં પાંચ ચકલિયો મેં પાડી ! મારામાં કેટલું બળ ! આતો મારા જાણવામાંજ નુ હોતુ. આવો હુ પરાક્રમી છું એતો આજેજ મારા જાણવામા આવ્યું. આતો ફકત એક લાકડીએજ પાંચ મારયાં તો મારી પાસે તલવાર કે બંદુક હોય તો તો હું કેટલું મોટુ પરાક્રમ કરૂ. ઓહોહોહો ! મારૂં આજે ઉઘડ્યુ ભગવાને મારે માટે ખરેખરો મારા લાયક ધંધો શોધી કાઢયો બસ ! આપણે તો શીપાઇગારીનો ધંધો કરવો આપણે લાયક તો એજ ધંધો બસ એક સારો કાંશકો રાખીને રોજ વાળ ઓળીશું અને સાફસુફ રહીશું. અને સુરવાળ તથા લુગડાં સફાઇબંધ પહેરીશું અને અરીસામાં મેહું જોયા કરીશું. ખરેખર ! માટી ચુંથવી મટી ગઇ હવે તો બહાદુર સિપાઇનોજ ધંધો કરવો એવો વિચાર કરતો ઉઠયો તે લાકડી લેતેક આખા નીભાનો નીભા ફડાફડ લાકડીઓ લગાવતે ફોડી નાંખયો પછી બેઠો બેઠો વિચાર કરે છે—બસ અબનો સિપાઇ બચે હો ગયે

શેખચલ્લીની પેઠે કહાનો તો સિપાઇગિરીના મોજમજાના વિચારોના હવાઇ કિલ્લા બાંધતો હતો તેવામાં તેની બાયડી પાણી ભરીને આવી તેણે જોયુ તો આખો નીભાડો તો ઠીંકરાંનો મોટો ઢગલો થઇને રહેલો. વથી તે સ્ત્રીએ અત્યંત ક્રોધથી કહ્યું–આ શી મોંકણ માંડી આખા વરસની મહેનત ધુળમાં મેળવી. હવે આખું વર

સ ખાશો શું રાખ આપણે કહાનો ગંભીર અને હાવકો થઇને બોલ્યો—મુરખની પેઠે લવ લવ કરે છે. આવા કુંભારના ધંધામાં શુ ઘેબર ખાવા મળવાનાં હતા સાળી કુંભારની દીકરીની નીભાડે પુંજી. અમારે એવો ધંધો કરવો નથી. માટી ચુંથે તારો બાપ ને બાઈ. હું તો પરાક્રમી કુકડ છું. માટી કોણ ચુંથે. બઇરીએ નિ-રાશામાં કહ્યુ. ત્યારે બીજો શો ધંધો તમને આવડે છે. કોઇ પણ ધંધો હાડકાં નમાવ્યા વિના તો થઇ શકવાનો નથી. એવુ મોટુ પરા ક્રમ તમારામાં છે તે તમને વિના માટી ચુંથે રોટલો મળે આવા આવા કમઅ કરશો તો ખોલકાની પેઠે રઝળી રખડીને મરશો. સમ-જયાં. આ સાંભળીને ફતેહમંદની સાથે કહાનો બોલ્યો—રાં ડ. કરકશાની પેઠે લવ લવ કરે છે, શું મારામાં પરાક્રમ નથી. જા પણે પેલું ધાન સુકવ્યું છે ત્યાં. જોતો ખરી તારી આંખો ફાડી ને. પછી બોલી-તમારામાં શું પરાક્રમ છે. પેલી કુંભારણે બિચારી-એ જોયું તો ચાર પાંચ ચકલાં મરેલાં પડેલાં જોયાં અને નિસ્વાસ નાંખીને બેઠી કે આ ગાંડા ધણી સાથે પાનું પડયું છે, તો હવે પર મેસ્વર જેમ કરે તેમ ખરૂ, તોપણ તે ધીરજવાળી બાઇએ મનમાં વિચાર્યું કે કુંભારનો નહીં તો બીજો કોઇ પણ ધંધો કરે તો સારૂં તેથી તેણે પોતાના ધણીને પુંછ્યું...પણ ત્યારે તમે હવે બી જો શો ધંધો કરવો ધારો છો. કહાનો મુછો મરડીને બોલ્યો— અબે રાંડ એ અબ તો સિપાઇ બચ્ચે હો ગયે. એક લકડીકે સપા ટેમે પાંચ ઉડતે પંખી પાડે તો તલવાર ઔર બંદુકક સપાટા ચ લાઉ તે કયા ન કરૂ. અબ તો મેરા નામ પાંચ મારજી. અબ તો સિપાઇ બચ્ચે હો ગયે. બસ. બઇરીએ જાણ્યું કે આતો મુરખ

છે તોપણ એનુ વળણુ જે તરફ હોય તે ધંધો કરે તો સારૂ કેમકે માણુસ માત્રને નામનો ધંધો જોઇએ. ધંધા વિનાનુ માણુસનો ઢોરથી પણ નકામું છે કેમકે ઢોર પણ પોતાનુ કામ કરે છે તેથી બઇરીએ તેના વળણુનો લાભ લેઇને કહ્યુ કે:—'જો તમે મારી સલાહ પ્રમાણે ચાલશો તો તમને બંદુક તલવાર બધું મળે અને સીપાઇગિરીની નોકરી પણ મળે." મુર્ખ કહાનાએ તેની સ્ત્રીની સલાહ પ્રમાણે ચાલવાની હા કહી ત્યારે તે સ્ત્રીએ કહ્યુ કે:- આપણે દીલ્હી જઇએ કેમકે ત્યાં બાદશાહી છે તેથી હરકોઈ ઠેકાણે સિપાઇયોના બેડામા તેને દાખલ થઇ જજો આવો ઠરાવ કરીને કહાનાએ તથા તેની સ્ત્રીએ પોતાના ગધેડા ઉપર પોતાનો જે થોડો ઘણો સરસામાન હતો તે બાધી લીધો અને એકે ઘાએ પાંચ ચકલાં પાડયાં તેને ચોથે રોજ સંવારમાં આપણા કાહાનાજી ઉરફે પાંચમારજીની સવારી પાટણથી દિલ્હી જવાને માટે ઉપડી પાસેનો સરસામાન વેચી ખાધો જ્યારે તે દિલ્હી આવી પહોચ્યો ત્યારે તેની પાસે આશરે રૂપિયા ૪૦—૫૦ નો અસબાબ રહયો હતો. તેનો ગધેડો તેની પાસે રહયો હતો. દિલ્હીમાં પેસતાં પહેલાં ભાગોળેથી પેલા ગધેડાને તો છુટો મુકી દીધો અને પેલો અસબાબ ઓરતને પોતે માથે ઉઠાવી લીધો. અને એક ધર્મશાળામાં મુકામ કરયો પેલી સ્ત્રીએ તેની પાસેનો સઘળો અસબાબ વેચી દેવાની ગોઠવણુ કરી તેના રૂપિયા ૪૦) ૦૪ ઉપજ્યા તેમાંથી રૂપીયા પચીશ ડાહી કુભારજે તેના ધણી કાહાનાને આપ્યા અને કહયું કે તમને ગમે તેવાં સારામાં સારાં અને કિમતીમાં કિમતી લુગડાં એક દિવસને માટે કાલ સવારમાં જઇને ભાડે લઇ આવજો. તેથી કહાનો તો ખુશી થયો કે કાંઇ નહી તો એક આખો દિવસ તો કોઇ રાજ

કુમાર જેવો ભભકો મારવાનો મળશે. આપણે પ્રથમથી જાણીએ છીએ કે આપણાં કહાનભાઇને છેલબટાઉ થઇને ફરવાનું ઘણું ગમતું હતું. પછી તેની આંએ તેને કહયુ કે— તમે કોઇને હાલ એમ કહેશો નહી કે હું તમારી પરણેતની સ્ત્રી છું પણ તમે તો એમજ કહેજો કે આ તો મારી શાજે કામકાજ કરનારી ઓરત છે. કહાનો કહે કે ઠીક. બીજે દીવસે વાહાણું વાતાંજ કહાનાભાઇતો ઉઠયા તેવા દાતણ પાણી કરને કે બજારમાં ગયા અને એક મોટા વ્યાપારી લાખો રૂપિયાનાં જરીયાનનાં કપડાં કરીને ભાડે ફેરવતો હતો તેની દુકાને ગયા અને કહ્યું કે:— આજના દિવશ માટે કકકડ લુગડાં મને ભાડે આપો તમે ભાડું શું લેશો ? ત્યારે વ્યાપારીએ ઉત્તર દીધો કે:— દુપિયા પચીશ રોકડા લેઇશ." ત્યારે કાહાનાએ તે પ્રમાણે રૂપિયા આપવાનું કબુલ કરયું. રૂપિયા કહાનાએ આપ્યા કે તરતજ નેન તે વ્યાપારીના નોકરે બરોબર લુગડાં પહેરાવ્યાં. પછી કહાનો જવા લાગ્યો ત્યારે તે વ્યાપારીએ પોતાના ચાર પાંચ શિપાઇઓને તેની શાથે ફરવાની સુંચના આપી કે કિમતી કપડાં પહેરીને કહાનાભાઇ વટાણા વાવી ન જાય. કહાનો તો મોટા રાજા જેવો પોશાક પહેરીને તથા આગળ પછળ ચાર પાંચ શિપાઇઓ લેઇને આશરે દશેક વાગતાં પોતાની ઓરત પાશીની પાસે આવા ઠાઠમાઠ શાથે ધર્મશાળામાં આવ્યો ઓરતે પ્રથમથી બજારમાંથી બે રૂપીયાની મિઠાઈ આણી મુકી હતી તેમાંથી તેના ધણીને ખવરાવી તથા બાકીની મીઠાઇ પેલા સીપાઈઓને ખવડાવી' એટલે તે શિપાઇઓએ તે બાઇને પુછયું કે તમે કોણ છો અને આ મરદ કોણ છે ? તે કુંભારણે કહયું કે આનો પાટણના

ખાનદાન મોટા અમીર છે, અને એતો રાણાજી કહેવાય છે. હું તેમની દાસી છું. કેટલાક વખતથી દીલ્હીના બાદશાહ તેમને મળવાને આવવાને કાગળ લખતા હતા. તે ઉપરથી ૨૫-૩૦ માણસના રસાલા સાથે પાટણથી અમે અહીં દીલ્હી આવવા નિકળ્યાં. અમીરનાં બઇરાં બહાર નીકળે નહીં તેથી એમની તબિયત સાંભળવાને મને અમારાં બાઇસાહેબે એમની સાથે મોકલી છે રસ્તામાં આવતાં રોગ ચાલવાથી અડધી મજલે જંગલોમાં માણસો તથા જનાવરો વગેરે મરી ગયાં. જંગલમાં રઝળતાં રખડતાં અમે અહીં આવી પહોંચ્યાં. તેથી બાદશાહની મુલાકાતે જતા જોતાં સારાં લુગડાં અસબાબ પણ જંગલમાં પડતો મુકીને અહીં આવી પહોંચ્યાં છીએ; કેમકે એકવાર બાદશાહની મુલાકાત થઇ એટલે તો અમારે કશી વાતની ન્યુનતા નથી રહેવાની; અને ઘેર પાછા જઇશું ત્યાં તો પરમેશ્વરની કૃપાથી કાંઇ વાતની કમીજ નથી '' સિપાઇઓમાંના એકે પુછ્યુઃ તો રાણાજી સાબકા નામ કયા ? આપણી કુંભારણ પાલીએ જવાબ દીધે અહો એમનુ નામ તો આખા મુલકમાં જાહેર છે. એમનુ નામ તો રાણાજી પાંચમારસિંગજી છે.'' સિપાઇઓ માંહેમાંહે વાતો કરવા લાગ્યાઃ યાખુદા! બડે આદમી કે નામભી કેસે કેસે હોતેહે. દેખો યારો ! પાંચમારસિંગજીકા નેક નામ તો રોમસોમકી બાદશાહી તલક મશહુર હૈ અરે દેખોજી ! હમારે બડે બાવે નિયાગતખાનજી જો ગુજર ગયે વો પાંચમારસિંગજીકા નેક નામસે વાકેફગારથે. અરે ભાઈ ! ઉનકી ખાનદાની આપે દેખ પડતી હૈ. ઈત્તિ મુસીબત મુસાફરીમેં હુઈ હૈ તોભી ટંકકા પંદર શેર મિઠાઇ ખરચી ઉડતાહે. અલા હોલવેલા ! અમીરોં હાતો કામે વૈસોહૈં. અગારોંમે રહેને સુતે ઇમેરેકાંગે જઇકો આઇહૈ

મિયાં." એ રૂપિયાની મીઠાઇએ તો એક કુંભારનો મોટો રાણો બના વ્યો ! પૈસા અને પ્રસાદથી આ સંસારમાં મોટું વશીકરણ ચાલેછે. બરછીનો માર્યો ઉંચું જુવે અને કડછીનો માર્યો હમેશ્યા નીચુંજ જુએછે.

એમ કરતાં અગિયાર વાગાનો વખત થયો એટલે પેલા સિપાઇઓને કુંભારણ પાલીએ પુછ્યુ કે રાણાજી સાહેબને બાદશાહની મુલાકાત માટે જવું છે, તો હવે બાદશાહની કચેરીમાં તખ્ત ઉપર બાદશાહ આવીને બિરાજયા હશે, કે હજુ વાર છે ?" પેલા સિપાઇઓમાંની એક કહે કે—બડે આદમીકુ ખોટી હોના પડે વો બેઠે હે કે દેર હૈ." પેલો સિપાઇ બાર વાગાના સુમારમાં ખબર લેઇને આવ્યો કે બાદશાહ દરબારમાં કચેરી ભરીને તખ્તપર બિરાજયા છે; એટલે પેલી કુંભારણે કહાનાને શીખવી ભણાવીને પોપટ જેવો કરી રાખ્યો હતો તેને બાદશાહની પાસે જવાને કહયુ કહાનો તઇયાર થએલો હતો તેવો ભાડાના પોશાકથી અને ભાડાની હાથમાં પકડેલી સોનેરી મુઠની તલવારથી કોઇ બાદશાહ જેવો ભભકેઃ માર તો નીકળ્યો; અને પેલા સિપાઇઓ તો તેની મીઠાઇ ખાધેલી જીભે "સાહેબ, હજરત. જનાબ." એવા એવા શબ્દો કહીને તેના તેહેનાતી સિપાઇયો જેવા થઇ પડયા. એમ કરતાં કહાનાજી ઉર્ફે રાણાજી શ્રી પાંચમાસિંગજી બહાદુરની સવારી ઠેઠ બાદશાહી દરબાર લગી આવી પહોંચી.

બાદશાહી દેવડીઉપર હમીરખાં. શેરખાં. બશેરખાં. સમશેરખાં. ચમરખાં પગરખાં. વગેરે અનેક સિપાઇઓ બેઠેલા તે તો આપણા રાણાશ્રી પાંચમારસિંગજીના ભભકામાં અંજાઇ ગયા; અને ઠેઠ બાદ

શાહની પાસે તખતપાસે જે ખાલી ખુરશી શાહજાદાની હતી, તેના પરજ સલામ કરતે કે આપણા કહાનોજી તો બેડી ગયા બાદશાહે જાણ્યું કે આ કોઇ મોટો માણસ છે તે કાંઈ કામ માટે આવ્યા હશે તેથી તેને મસલતના દિવાનખાનામાં લેઇ ગયા, ત્યાં બાદશાહે પુછ્યું કે તમે કોણ છો અને કયાંથી શા કામે આવ્યા છો ? કહાનો કહે કે—' ખુદાવિંદ હું ચક્રવરતીના વંશમાં જન્મેલો છું પણ દુનિયાની સાહેબી રોજ એક સરખી નથી રહેતી તેથી મારે ચાકરીની ઇછા છે ! અનેક મોટા રાજા મહારાજાઓએ મને રાખવું કહ્યું પણ હું ચક્રવરતી રાણાના વંશનો એ સઉની નોકરી કરૂજ નહી તેથી દીન દીલ્હીના પાદશાહ કે જે અમારા માલિક થવાને લાયક ગણાય તેમના કદમ આગળ હું આવ્યો છું. પણ મારા લાયકજ જો નોકરી હશે તો રહીશ, નિકર મારા ઘરની ખાનદાનીની મારે કાંઇ કમી નથી. " પછી પાદશાહે કહ્યું કે હું દિવાન સાથે વિચાર કરીને તમને કાલે જવાબ દઇશ, તમો કાલે આ વખતે મારી પાસે આવજો આ પ્રમાણે કહાનાભાઇની મુલાકાત બાદશાહે લીધી, અને દરબારમાં ખુદ શાહજાદાની બેઠકે તેને બેસવાનું માન મળેલું તે વાત પેલા સિપાઈયોએ તરત જઈને તેઓના શેઠને કહી, તેથી શેઠે જોયું કે મારે ઘેરથી પોશાક ભાડે લઇ જનાર માણસ ખરેખર કોઇક મહોટો માણસ છે, માટે ચાલ હાલ શરૂઆતથીજ તેમની સાથે ઓળખાણ કરી લેઉં કે કોઇવાર આગળ જતાં તે ઓળખાણ કામમાં આવી જાય. તેથી દરબારમાંથી પોતાના ધર્મશાળામાં રાખેલા મુકામ ઉપર આપણા કુંભારભાઈ આવ્યા ત્યારપછી થોડીજવારમાં પેલો પોશાક ભાડે આપનાર વેપારી શેઠ મેવાના થાળ વગેરે ભરીને તથા

કેટલીક કિમતી ચીજોની ભેટ સોગાત લેઇને ધર્મશાળામાં આવ્યો. પેલા કહાનાની તહેનાતમાં રહેનાર તે શેઠનાજ સિપાઇઓ હતા, તેમાંથી એકે આવીને કહ્યું કે— રાણાજી સાહેબ ! અમારા શેઠ આપને સલામ કરવાને આવેલા છે. પેલી કુંભારણે કહ્યું કે—શેઠને કહો કે થોડીકવાર ઠેરો. રાણાજી સાહેબ હમણાંજ દરબારમાંથી પધારયા છે. તેથી પોતાને શ્રમ પડેલો છે. જરીક પાન, સોપારી હોકકો આરોગીને મુખ પખાલી લે એટલે શેઠજીને રાણાજી સાહેબના હજુરમાં બોલાવીએ. સિપાઇએ જઇને તે પ્રમાણેજ કહ્યું. અને શેઠના મનમાં મનમાં રાણાવિશેનો ભરમ હતો તે વધારે વજનદાર થયો. કુંભારણે ભાડે આણેલી બિછાત ઠીકઠાક કરીને મોટા ખાનદાનીવાળા ઠાઠથી ત્યાં બેસાડયા અને સિપાઇને હાક મારીને કહ્યું—શેઠજી અત્રે પધારવા રાણો ફરમાવે છે. શેઠજી જાણે ખુદ બાદશાહની હજુરમાં રજુ થતા હોય તેમ વેગળેથી વાંકા વળીવળીને સલામો કરતા કરતા આપણા કુંભારરાણાની પાસે આવ્યા પેલી કુંભારણે રોજ ટોકી ટોકીને શીખવી રાખેલી અતિ ખાનદાની ભરેલી સભ્યતાથી પધારો શેઠજી ! તબિયતનો બહાલ છે વગેરે આવકારના શબ્દો કહ્યા પાસે ઘુમટો તાણીને મોટી મર્યાદાવાળી દાસી હોય તેમ પેલી કુંભારણ પણ રાણીની હજુરમાં હુકમ ઝીલવાને તઇયાર થઇને ઉભેલી હતી. શેઠે પોતે આણેલા મેવાના થાળ તથા ભેટની વસ્તુઓ રાણાજી પાંચમાર સિંહજીની આગળ ઘણા માનની સાથે મુકી અને બોલ્યો કે—રાણાજી સાહેબ ! આપે મારી દુકાને આવીને આપનું નામ જાહેર કરયું નહોતુ તેથી આ તાબેદારની એક મોટી કસુર થઇ છે તે માફ કરશો, અમારા બાપના બાપ પન્નાલાલજીને તો આપના કુટુમ

સાથે મોટી મહોબત હતી, પાટણના રાણજીનું કુટુંબ તો અમારાં ઘર જેવું ગણાય. પણ આપે કાંઇ પણ ઓળખાણ કાઢી કહિ એટલે આપને હુ ઓળખી શકયો નહિ. અને તેથી આપની પાસેથી લુગડાંના ભાડાના પઇશા મેં લીધા છે, તે હવે મને આપની ઓળખાણ પડી છે એટલે રૂપીઆ પાછા રજુ કરૂ છું. તે અંગીકાર કરવાની કૃપા કરશો અને થયેલી બેઅદબીને માટે દરગુજર કરશો. રાણાજી તો આ શેઠની સભ્યતાનો પ્રત્યુંતર વાળી શકયો નહિ પણ પેલી પાલી જે આ વખતે દાશીતરીકે પાસે હાજર હતી. તે સમજી ગઇ કે વાણીઓ કાંઇ મોખમાં ઓળખીતો થવાને માગે છે. આપણે પણ સાવધતાથી તેનો લાભ લેવા ચુકવુ નહિ. તેથી પાલી પણ પણ યુકિતથી બોલી--પોતે રાણાજી સાહેબને એ બબાતની ઝાઝી માહેતગારી નથી પણ મારાં બાઇસાહેબ (રાણાજીની વહુ) ઘરના વ્યવહારમાં ઘણાં કાબેલ છે. અને તેઓ રાણાજીના કુટુંબની સાથે નાતો ધરાવનાર સઘળાં માણસોને બરોબર ઓળખે છે. તેમને મોઢેથી મેં દિલ્લીવાળા પન્નાલાલજીના કુટુંબ સાથે રાણાજીના કુટુંબને ઘણોજ ઘરોબો છે. એ વાત વારંવાર સાંભળેલી છે. અહો ! આપજ તે પન્નાલાલજીના વંશમાં છો ? ઘણીજ ખુશીની વાત છે) પછી પાલીએ કહાનાને કહયું કે આ શેઠનાં ઘરડાં સાથે તો આપના કુટુંબને ઘરડાંના વખતથી ઘણો ઘણો ઘરોબો છે. માટે આ શેઠજી સાહેબને ઉભા થઇ ભેટીને આપણા રિવાજ પ્રમાણે તાજમ આપો, તેથી પાલીના હુકમ પ્રમાણે રાણાજીનો વેશ ભજવનાર આપણો કહાનોજીને શેઠને ઉભો થઇને હાથથી હાથ મેળવીને ભેટયો. પછી શેઠે પેલા લુગડાં લતાના ભાડાના રૂપીઆ પાછા આપવા માંડયા અને

આગ્રહ કરયો ત્યારે પાલી બોલી ઉઠી શેઠજી.! એ બાબતનો આ ગ્રહ કરવો જવાદો. રાણાજી સાહેબના કુળની રીત છે કે એકવાર કાંઇ પણ આપ્યું તે પાછું લેવુંજ નહિ એ વાત આપ કયા જાણુતા નથી. વળી રાણાજી તો આપને આપવા યોગ છે. અને આપતો લેવા યોગ છો; એમનાં ઘરડાં આપતાં આવ્યાં છે અને આપનાં ઘરડાં લેતાં આવ્યાં છે. માટે એ વિશે મનમાં કશો સંકોચ રાખવાનુ કારણુ નથી. આપનો અને એમનો જે ઘરોબો છે તે કાંઇ જતો રહેવાનો છે ? આટલુ કહીને પાલી પડદાની પાછળ જઇને પ્રથમ મંગાવી રાખેલાં પાનસોપારી તથા ફુલના હાર વગેરેની તાજી છાબો લેઇને આવી. એટલે પેલા શેઠ કે જે રાણાજીના સાથે ઘરોબો કરવાને ઇંછતા હતા. જેમને હવે રાણાજી સાથે ઘરોબો થઇ ગયો હતો, તે બોલ્યા કે- જો આ રુપીયા આપને પાછા ન લેવા હોય તો આપની મરજી આપની ખાનદાનીનો નિયમ તોડવાને હું આગ્રહ કરતો નથી પણ મારી એક અરજ તો મંજુર કરીવી પડશે. બાકી એમને એમ આ સેવકને પાન ગુલાબ આપીને વિદય કરવો હોય અને આપનાં ઘરડાંના વખતનો ઘરોબો હક નજ રાખવો હોય તો આપની મરજી પણ પન્નાલાલજીના દીકરાના દીકરાનું માન રાણોજી રાખ્યા વિના રહેશે નહિ. એવી મને સંપુર્ણ ખાતરી છે હવે મારી એટલીજ અરજ છે કે મારાં દિલ્હીમાં અનેક મકાનો છતાં આપ જેવાં સ્નેહી આવી ધરમશાળામાં મુકામ રાખે એ ઠીક નહી આપના જેવા ભાગ્યશાળીને જ્યાં મુકામ હોય ત્યાં સઘળી બાબતની સોઇ મળી આવે પણ અહીં મુકામ રાખો તેમાં મારૂ શુ સારૂ દેખાય માટે આપ મારા વિશાળ બાગમાં બંગલો છે ત્યાંજ મુકા-

મ રાખો. આપને કોઈ બાબતની ત્યાં અડચણ પડશે નહિ મારાથી બનતી ચાકરી હું કરીશ પણ આટલી વિનંતિછે આપ મારા ઉપર ખાસ મેહેરબાની કરીને સ્વીકારો શેઠજીની આ વિનંતી સાંભળીને કહાનો તરતજ સમજ્યો કે આનો બાગ બંગલામાં રહેવાનું અને પારકી પરોણાગત ઉપર પકવાન જમવાનુ મળ્યું તેથી એકદમ બોલી ઉઠયો કે–' હા ! અમે ખુશીની સાથે આવીશું ' પાલો ઉપમા વધારવાને માટે બોલો પોતે બધુ સમજે છે. શેઠજી ! જોયું આપને રાણાજી સાહેબે ઓળખ્યા એટલે પોતે અરજ પણ કરી છે. પોતાને હકીકત જાણવામાં આવવી જોઈએ પોતાનો વિવેક પણ પોતાના ઘરડાઓના જેવોજ છે શેઠજી ખુશી થઈને બોલ્યા એમાં શો શક ? રાણાજી સાહેબ કાંઈ ઓછા બુદ્ધિમાન છે. વળી વધારે ખુબીની વાત તો એજ છે કે પોતાની પાસે પણ તમારા જેવું અસલની હકીકત જાણનાર માણસ છે, પાલો યુકિતસર બોલી. એ બધો પ્રતાપ અમારા રાણાજી સાહેબનો છે. તેમની પાસેજ રાત દહાડો રહેવાથી આ બધી માહીતગારી મને મળી છે અમારાં બાઈ સાહેબ માજી તથા મોટા માજીના હાથ નીચે નાનપણમાંથી ઉછરેલાં તેથી સઘળા જુના નાતાઓ સારી પેઠે જાણે છે. અને અમારાં બાઈ સાહેબની તાબેદારી ઉઠાવ્યાનો મને લાભ મળયો છે. શેઠે પાલાની તરફ કરી અને પાલીએ શેઠની તથા રાણાજીની યુકતીસર તારીફ કરી પછી પાલાએ રાણાજી પાસે શેઠજીને પાન, ગુલાબ, અતર અપાવ્યાં અને શેઠએ પોતાનાં માણસોને બોલાવીને તથા વાહન વગેરે ગોઠવણ કરીને રાણાજીનો મુકામ તે ધરમશાળામાંથી ફેરવાવી પોતાના બાગમાં બંગલામાં કરાવ્યો હવે રાણીજીના

દરજાને છાજે તેવી સઘળી ગોઠવણ આપણી કહાનજી ઓઆને મળી. શેઠે ખાવા પીવાની ઓઢવા પહેરવાની સઘળી ગોઠવણ કરી આપી હવે રાણાજીનો ડીમાક ખરેખરો જામ્યો પણ કહાનજી ને તેનો વેશ ભજવવનું શીક્ષણ આપનારી તો પલીજ હતી.

બીજે દીવસે ઠરાવેલે વખતે કહાનો પછી શેઠનીજ બગીમાં બેશીને બાદશાહની પાસે ગયો બાદશાહે દીવાનની સાગે એકાન્તમા આપણા પાંચમારસીંહજીનો મુલાકાત લીધી અને પુછ્યું કે તમે શો દરમાયો લેશો. ત્યારે તેણે કહયું કે હુ તો બાર માસે સવાલાખ મ હોરો પગારમાં લેઇશ અને જે કામ કોઇપણ કરી શકશે નહી તે કામ કરવાનુ મારે માથે રાખીશ આવો ભારે મુમ રો સાભળીને બાદશાહ અને દીવાન લાંબા વખત લગી વિચારમા પડયા છેવટે દીવાને બાદશાહને કાનમાં કહયું કે—સાંઇ રકમ ઉપરથી આપણો જીવ સંકાચવો નહિ પણ માણસમાં શો ગુણ છે તેની તો એકવાર પરીક્ષા કરવી જોઇએ માટે આ માણસ આપણે રાખવો તો ખરો પછી જો તે તેવો લાયક નહિ માલમ પડે તો તેને કાંઇ કારણ કાઢીને રજા આપીશું. પણ જો મોટા પગારના સબબથી આપણે તેને નહી રાખીએ અને કોઇ ગુણશોધક નાનો રાજા કે મ હારાજા રાખશે તો એકવાર તો આપણી નામમ જશે. માટે તેને રાખવો તો ખરો દીવાનનો આ વિચાર બાદશાહને પણ યોગ લા ગયો તેથી બાદશાહે કહયું. કે જુઓ પાચમરસીંહજી ! તમારા કહેવા પ્રમાણે તમારો પગાર અમા આપીશું અને જ્યારે કોઇ કામ એવું આવી પડશે કે કોઇ પણ માણસ કરી નહી શકે ત્યારે તે કા મ તમારે કરવું પડશે. પણ જો વખતે તે કામ કરી શકશો નહી તો

અહી અમે તમને અમારી નોકરીમાં રાખી શકીશું નહીં. આ કારણથી અમે તમને આજ રોજથી નોકરીમાં રાખ્યા છે, અને બાર માસની સવા લાખ મહોરોને હિસાબે દરમાસે જે રકમ થાય તે તમોને દરમાસે તમારી સ્થિતિ પ્રમાણે રહેવાને માટે મળે જશે. તમારૂ નામ બાદશાહી ખાસ નોકરોના તખ્તમાં નોંધવામાં આવશે." બાદશાહના ખાસ અમલદાર તરીકે કહાનીઆઇનો નીમ થયો અને તેમને તો તેમના હેદ્દાનો પોશાક બાદશાહે તત્તજ દરબાર ભરીને બક્ષાવ્યો. તે પોશાકનાં ઝળદળતા પાચમારસિંહજી રાણાજી પોતના મુકામ ઉપર આવ્યા. તરતજ બાદશાહી જાસુસોએ આવીને પાંચમાહરસિંહજીને ખબર આપી કે આપને રહેવાને સારૂ દરબારી મકાનોમાંનુ એક ભવ્ય મકાન તમારા હોદ્દાને છાજે તેવું તઇયાર કરવામાં આવ્યું છે ત્યાં આપનો અસબાબ વગેરે લઇ જવાને અમે આવ્યા છીએ અને આપ પણ ત્યાં પધારો.

ગામમાં ઘર નહોતુ અને સીમમાં ખેતર નહોતુ તે કહાનિયા કુંભારના તાબામાં રહેવાને માટે મોટા અમીરને શોભે તેવી હવેલી આપી, પગાર પણ મ્હોં માગ્યો મળ્યો અને જ્યારે કોઇ પણ કરી શકે નહી ત્યારે તેવુ કામ કરવાનો વારો આપણા પાંચમારખાનજીનો આવે, નિકર સવાર સાંજ બે વખત ટેડી પાઘડી મુકી સોના રૂપાની મુઠવાળી તલવારો લેઇને બાદશાહને સલામ કરી આવે અને આખો દીવસ પાલીના મોઢા સામુ જોઇને બેસી રહે તથા શરીરની ટાપટીપ કરયા કરે. આ પ્રમાણે કુંભાર ભાઇ તો પુરેપુરા સુખમાં પડયા અને તેમણે પહેલાં જે સુખની ઇચ્છા કરી હતી તેવુંજ સુખ દૈવ ઇચ્છાથી મળ્યું. આ પ્રમાણે બે ત્રણ માસ તો આનંદમાંજ નિશ્ચિંત

પણે ગયા. કેમકે દરમાસે પગાર મળે અને નામ તો કશુ પણ કર- વાનુ આવે નહી શાથી કે જયારે કોઇથી પણ કામ ન બને ત્યારે તેવું કામ કરવાની ફરજ આપણા કહાનાને માથે આવે અને દિલ્હી ના જેવા દરબારમાં અનેક માણસો અત્યંત કુશળતા ધરાવનારા જો ઇએ તેટલા તેથી કોઇ પણ કાર્ય કરનાર કોઇ પણ મળીજ આવે અ ને કહાનાભાઇનો વારો તો આવેજ નહી. પાલીએ બાદશાહની આગળ કહાનાએ શું કહેવુ તે એવીજ યુકિતથી કહાનાને શીખવ્યું હતું કે કાંઇ નહી તો થોડાક સમય લગી તો બેઠે બેઠે પગાર ખાવાનું મળે. અને પોતાની પાસે એટલી પુંજી થઇ જાય કે ગરીબીથી રહે તો આખો જન્મારો ચાલે ત્રણ માસ ગયા એટલામાં કહાના ભાઇની પા સે તો આશરે દશ હજાર મ્હોરની દોલત થઇ પણ એમ બેઠે બેઠે ખાવાનું ઝાઝા દીવસ નભેજ નહી એ કુદરતનો નીયમ છે જેમ મોટા હોદો અને મોટા રાજયમાં નોકરી તેમ આ પ્રમાણે ઢોંગથી બેઠા બેઠા ખાનારનુ ટટુ વધારે લાંબો વખત ચાલે છે. ગમે તેટલો વખત ચાલે પણ છેવટે તો તેમનું હજારો દિવસ બેઠે બેઠે ખાધેલુ નીકળી જવાનો વખત એક વાર આવે છે. અને તે પણ એકેજ દી વસે સોએ દીવસનુ ખાધેલુ નીકળી જાય એવોજ વિકટ વખત આ વે છે. કહાનાભાઇને પણ એવોજ વખત પાસે આવી પહોંચ્યો.

દિલ્હીમાં એક વાર એવું બન્યુ કે એક વાઘ એવો ખંધો અને માણસખાઉ થયો કે રાતરે ગુપચુપ આવીને એક માણસને રોજ મારી નાખે, પણ દીવસે તો ગમે તે ખેતરમાં કે ટેકરામાં જઇને બે શી રહે અને બારણે દેખાઇ દે નહી, તેમ રાત્ર પણ ઘણીજ ચુપ કીથી એ વાઘ માણુસનાં ખુન કરીને જતો રહે તો આથી આખી

દિલ્હીમાં હાહાકાર વરતાવા ગાંડયો હતો. બાદશાહે ઘણાની મોટાં મોટા શુરવી અને કાબેલ માણસોને ઠેકાણે ઠેકાણે રસ્તે પહેરા ઉપર મુકયા અને બંદોબસ્ત રખાવ્યો પણ જાનવરની જાત ઘોર અંધારામાં ગમે તે રસ્તે આવી જે કોઇ એકલ ડોકલ માલમ પડે તેને મારી નાંખે તેથી જનાવરના સામે તે મોટા બળવાન અને શુરવીર માણસો પણ શુ કરી શકે ; અને વળી એ વાઘનો કોઇને ભેટો થાય તોજ તે માણસ પોતાનુ શૌર્ય કે બળ બતાવી શકે. પણ જયાં ચુપચુપ આવીને એકલ ડોકલનો રોજ સંહાર વાળે ત્યાં શુરાનુ શુરવીરપણું અને બળવાનનુ બળ શા કામમાં આવે ? તેથી છેવટે કોઇનુ ન ચાલ્યું અને બાદશાહ તથા લોકો એ વાઘથી તોબા તોબા પોકારી ગયા. છેવટે લોકોના પોકારથી બાદશાહ ઘણા દિલગીર થયા. ઘણા ઘણા માણસોએ ઘણા ઘણા ઉપાયો યોજયા પણ તે વાઘનો અંત આવ્યો નહી. તે વાઘના કપાળ ઉપર કાળુ ટીલુ હતું તથા તે ટપ લેતો કે છાનો માનો માણસને મારી નાંખતો તેથી લોકોએ તેનું નામ "ટીલીઓ કાળ" પાડયુ હતું. એકવાર લોકોના આગેવાન શેઠીઆઓએ આવીને બાદશાહને કહયુ કે:—અમને આ ટીલીઆ કાળના કાળા કેરમાંથી ઉગારો નિકર તમારૂ બાદશાહીપણુ છોડીને કોઇ એવા પુરૂષને બાદશાહ બનાવો કે જે આ વાઘના જુલમમાંથી રઇયતને છોડાવીને સુખી કરે. " તેથા બાદશાહ અત્યંત શોકાતુર થયા અને પોતાનુ ખાણું પણ ખાધુનહિ. આ વાતની બડી બેગમને ખબર થઇ તેથી બાદશાહના પાસે તે આવી અને બાદશાહને ખાણુ નહી ખાવાનુ કારણ પુછયું, ત્યારે બાદશાહે બધી હકીકત માંડીને કહી. બેગમે કહ્યું કે આમાં આપ શું કરવાને

આટલા બધા ગમગીન થાવ છો. આપણે આટલા બધા મોટા પ ગારના અનેક નોકર છે તેમને કહો કે તે લોકો વાધ માર. પછી બાદશાહે એવા મોટા પગારદારનું એક નોંધણુ તઇયાર કરાવ્યું અને દરરોજ એક એક અમલદ.રને તે વાઘને મારવા હુકમ ફરમાવવા માંડયો. તેમાં સઉથી છેલ્લુ નામ આપણા કહાનજીનું પણ હતું જયા રે એ કોઇ પણ અમલદાર એ કરી શકે નહીં ત્યારે એને એ કામ કરવાનો વારો આવવાનો. આ પ્રમાણે રોજ એક એક અમલદાર વાઘને મારવાને જાય પણ વિલે મોઢે પાછો આવે. હવે બે ચાર દિ વસમાં કહાનજીનો પણ વારો આવવાનો હતો તેથી પેલી પાલીએ વિચારયું કે હવે ફજેતી લુટાવવાનો વખત પાસે આવ્યો છે. અને આ કુંભારરાણાજીથી કાંઇ વાઘ મરાય તેમ નથી, માટે પ્રથમથી આજકાલ રાતમાં અહીંથી પલાયન કરી જઇએ. તો પાસે જે બાર તેર હજાર મહોરો થઇ છે તે સલામત રહે અને ફજેતીમાંથી પણ બચી જવાય. વખતે રાણાજીનું પાણી બાદશાહના જાણવામાં આવી જાય તો પછી આપણી પાસે જે કાંઇ મુડી થઇ છે તે પણ લુંટી લે પણ જો આ ને આ વેશે આ ને આ ઠાઠથી નાસીએ તો રસ્તામાં કોઇ તરત ઓળખીને પકડી લે માટે હવે તો એવીજ યુકિત કરવી કે પાછા કુંભારનો વેશજ લેઇને અહીંથી આ બધી મહોરો લેઈને રાતો રાત નાશી છુટવું. જે મળ્યુ તે આપણુ હવે ઝાઝો લોભ કર વા રહેવુ નહીં. કેમકે “ અતિલોભ એ પાપનું મુળ છે. ” તેથી રાતની વખત પાલીએ એકાંતમાં આપણા છેલબટાઉ કહાનાને કહયું કે:—‘હવે તો આપણે અગીઆરા ગણીએ તો ઠીક ” કહાનો- ક હે કેઃ—“રાંડ આવી ચેન બાજીમાંથી તે વળી આપણે શું કરવા જ

ઇએ ?" પાલીએ કહયું:—" ત્યારે તમારે વાઘને મારવાને ચઢવું પડશે. એટલું પ્રાક્રમ તમારામાં છે ? પેલા પાંચ ચકલાં મારીને પાંચમારસિંહજી થયા તેવું પરાક્રમ કંઇ વાઘ આગળ ચાલશે ?" મોટા વિચારમાં પડીને કહાનો બહેબાકળો બોલ્યો;—સાલી બઇરીની અકલ પાનીએ, હું વાઘ મારવા જાઉં વાઘ તને મારે કે મને ? હું બેવકુફ હોઇશ કે વાઘને મારવા જાઉં ? " પ્યારી મશ્કરીમાં બોલી:—" ત્યારે આ મોટી તલવારો અને બંદુકો શું કરવા બાંધો છો ?" કહાનો મુછે તાર દેઇને બોલ્યો:—" રાંડ મારૂં કહયું ન માને તો એક ચટપટીમાં માખના પેઠે આ તલવાને બંધુકથી તને તો મારીજ નાંખુ, તેટલા માટેજ આ હથીયાર રોજ પાસેને પાસે રાખુ છું." પાલી કહે—" ખરી બહાદુરી તો મારા સામેજ કરવાની છે ને ? પણ કહાને વાઘ નહી મારી શકો તો બાદશાહ તમને લુંટી લેઇને કાઢી મુકશે તો પછી શું કરશો ?" કહાનો પાછો મોટા બ્રહ્માંડ જેવડા વિચારમાં પડયો અને બોલ્યો:— "ત્યારે તો તું જેમ કહે તેમ કરીએ. પણ આવી અમન ચેન પછી——" પાલી કહે:—હાલ મારી પાસે જે મુડી એકઠી થરેલી છે તે લેઇને જો નાશી જઇશું તો પાછાં આપણે એવાંજ સુખમાં રહીશું. પણ અહીં રહવાં તો ફજેત થઇને પાછાં હતાં તેવાંજ દુ:ખી થઇશું, માટે તમને ગમે તેમ કરીએ." કહાનો કહે:— " ત્યારે તો જેમ તું કહે ને પ્રમાણે કરવાને આપણે તૈયાર છીએ." પાલીએ કહયું:—" ત્યારે તમે અત્યારે જઇને એક ગધેડો પકડી લાવો. મેં આપણી મહોરોનું ઝવેરખાનું વેચાતી લેઇ રાખ્યું છે તે એ ખોલકાની ગુણમાં નાંખી, ઉપર માટી ભરીને આપણે બંને આપણાં

એથમનાં કુંભાર સહી લુગડાં પહેરીને કુંભાર બની ચાલ્યા જઇશું." કહાનો એકદમ ચીડાઇને બોલ્યો:—"જા જા હવે દોઢ ડાહલી ! હું ફક્કડ જવાન પાછો કુંભાર પોષાક પહેરૂં કે ? જોઇ જોઇ હવે તારા જેવી તો બહોતેર હજાર આવેછે !" પાલી પોતાના ધણીની મુરખાઇ જોઇને હશીને બોલી:—"મારા જેવી તો કરોડો મળે એ વાત ખરી, પણ આ ને આ વેષે નાશી જતાં તમને ઓળખીને બાદશાહનાં માણસો પકડે અને બાદશાહ તમને ગરદન મરાયે તો પછી મને તમારા જેવો છેલબટાઉ ફરીને કયાંથી મળે ? તેથી હું તો કુંભારનો વેશ લઇશ ને આપણે વતન કે કોઇ દુર દેશ નાશી જઇને ત્યાં પાછા વૈભવ માંડીને રહીશું. અને કુંભાર તો આપણે છીએ તે કાંઇ મટી જવાનાં છીએ ?" કહાનો તુરત બોલ્યો કે—"ના ભાઇ ! ત્યારે તો ગરદન મરાવા કરતાં કુંભાર થવું શું ખોટું ? તારી વાત પણ ખરી છે, માટે તું કહે તો હવે એકાદ ખોલકો ગમે તેવો રઝળતો હશે તે પકડી લાવું." પાલીએ કહ્યું—"હા હવે તો તમે ઠેકાણે આવ્યા ખરા; પણ કહો તમે કયાં ખોલકો લેવા જશો ? કહાનો કહે—"એટલીએ મને ખબર નહી હોય કે હમણાં કુંભારવાડામાં જતેકને કોકનો ખોલકો છોડી લેઇ આવું છું. ખોલકો લેઇને એક સપાટામાં આવ્યો જાણજે." પાલી હસતાં બોલી—"શું ધુળ જાણો છો ? કુંભારને ઘેર બાંધેલો ખોલકો છોડી લાવવા જતાં પકડાશો તો પછી કેવી વલેહ થશે તેનો વિચાર કરયો?" કહાનો કહે—"ત્યારે તુંજ કહેને કે કયાંથી પકડી લાવવો ?" પાલી કહે—"જુઓ શ્રાવકવાડામાં તમે જજો, ત્યાં શ્રાવક લોકો ચાટમાં એંડવાડ રેડે છે તે ખાવાને ગધેડાંને કુંભાર લોકો, છુટાં રઝળ

તાં મુકે છે ત્યાંથી. એકાદ ગધેડું નજરે પડે તેને પકડી લાવજો, ગુણ તથા માટી મેં પ્રથમ તૈયાર રાખી છે. અને હવે આ કુંભારનાં લુગડાં પહેરીને જાવ, એટલે ગધેડાને દોરી લાવતાં પણ તમને કોઇ ટોકશે કે રોકશે નહી." પછી કહાનાભાઇએ તો પોતાનો અસલ કુંભારનો વેશ ધર્યો અને હાથમાં એક લાકડી લઇને ખોલકાની ખોળમાં નીકળ્યો.

કહાનો તો ગયો તે શ્રાવકવાડામાં ગયો અને ગધેડા શોધવાને આમ તેમ પોળના મોંઢા આગળ ફરતો હતો તેવામાં એક ડોશી શાવકની મોડી રાત લગી બહાર બેઠી બેઠી કાતતી હતી. તે ડોશી આકાશમા વરસાદ ચઢેલો જોઇને પોતાનું કાંતેલું સુતર ન બગડે માટે ઉઠી પોતાના ઘરમાં ગઇ ત્યારે તેના દીકરાની વહુએ પુછ્યું કે:— બાઇજી ઘરમાં કેમ આવ્યાં? બારણે શું ટીલીઆ કાળની બીક લાગી કે શું?" ડોશીએ કહયું—"વાઘની તો મને કાંઇ બીક નથી લાગી, મને ટપકાની બીક લાગી તેથી રેંટીઓ અને સુતરથી આંટીઓ લેઇને ઘરમાં આવતી રહી," વરસાદનું ટપકું પડે તો મારી કાંતેલી આંટીઓ બગડે એવી બીકથી હું અંદર આવી એવા અર્થમાં પેલી ડોશી તો બોલી હતી. પણ તેવામાં ટીલીઓ કાળ વાઘ પણ અંધારે અંધારે એ પોળમાં આવેલો અને ડોશી ઉપર ત્રાપ મારવાની તઇયારીમાં હતો, તેવામાં ઉપર પ્રમાણે તે ડોશીને તથા તેના દીકરાની વહુને વાતચિત થઇ, તે સાંભળીને પેલા ટીલીઆકાળ વાઘે વિચાર્યું કે:-આ ડોશી મારાથી તો બીતી નથી, પણ ટપકાથી બીહે છે લો આખા શહેરમાં હાહાકાર ફેલાવનાર હું ટીલીઆકાળ કરતાં પણ જે વધી જાય એવો એ ટપકો તે કોણ હશે? આ ડોશી

ઘરડી છે માંટે એ જે કાંઇ જાણતી હશે તે ખરૂંજ જાણતી હશે. આસ કરતાં પણ ટપકો વધારે જબરો હશે. મારે એટલુંજ જાણવુ જોઇએ કે એ ટપકો કોણ છે અને કયાં રહે છે, માટે આ ડોશી ટપકા વીષે શી વાત કરેછે તે થારે ગુપ્ત રહીને સાંભળવું જોઇએ કે કોઇવાર હુ ટપકાના પંજામાં સપડાઇ જાઉ નહીં. એ પ્રમાણે વિચાર કરીને પેલો વાઘ ગુપચુપ ઉભો છે તેવામાં પેલી ડોશીની વહુ બોલી—" તમને બાઇજી અમથી બીક લાગી, આ વખતે તે ટપકાનુ ઠેકાણુ એ કયાં છે?" ડોશી બોલી-" વહુમા ! જરીક ઉપર નજર તો કર એ તો ટમટમી રહયો છે." એટલામાં તો આ પણા કહાનાભાઇ ખોલકો ખોળવા નીકળેલા ત્યાં ફરતા હતા તેમણે પેલા ટીલીવા કાળા વાઘનેજ ખોલકો જાણીને અંધારામાંને અંધારામા તેના કાન બે હાથે પકડયા. વાઘે જાણ્યું કે—આતો પેલી ડોશી કહેતી હતી કે ટમ ટમીને રહયો છે તે આ ટપકો આવ્યો અને મને પકડયો." તેથી વાઘ બીકનો મારયો સ્તબ્ધ થઇ ગયો, અને જેમ કહાનાભાઇ ખેંચીને લેઇ ગયા તેમ જવા માંડયું. કહાનો તે પરમેશ્વરની ઇચ્છાથી દેવયોગે આ પ્રમાણે ટીલીઆકાળને પોતાના મકાને લેઇ ગયો, અને બારણે રહે રહે પેલા પાલીને કહયું " અલી હું આવ્યો છું, તું, પેલું લઇને આવજે." તેથી પેલી ઓરતે વિચાર કરયો કે જોઉ તો ખરી કે ખોલકો મજબુત છે કે મુડદાલ છે, કેમકે નઠારો ખોલકો હોય તો ઝટ મજલ કાપી શકાય નહીં, રસ્તામાં પકડાઇગે. આવા વિચારથી પાલી નો દીવો લેઇને બારણે આવી અને જોયુ તો કહાનાભાઇના હાથમાં તો ટીલીયાકાળના કાન પકડેલા અને તે તો બારણા આગળ ઉભેલો, દીવો આવ્યો અને કહાનાએ

જોયું તો પોતે વાઘનાજ કાન પકડેલા છે એમ માલમ પડતાંજ તે તો બીકમાંને બીકમાં એવો સજડ થઇ ગયો કે વાઘના કાન પકડેલા તેના ઉપર તેના હાથની તો મડાગાંઠજ પડી ગઇ તે છુટેજ નહી પાલીએ પરમેશ્વરની અકળ કળાનો આભાર માની તરતજ સમયસુચકતા વાપરી એકદમ તો મોટો દોર ઘરમાં હતો તેનો ગાળો કરીને પેલા વાઘને ગળે મજબુત નાંખ્યો અને પછી તેના પગોમાં આળા નાંખીને આખે શરીરે દોરના આંટા નાંખીને સજડ સાંકડી લીધો જાણ્યું કે આ તો ટપકોજ આવ્યો તેણે મને બંધનમાં ન બાંધ્યો પણ જો હું ચુંચાં કરીશ તો આ ટપકો મને મારીજ નાંખશે. માટે વાઘ પણ બીકનોજ માર્યો આ પ્રમાણે બંધનને તાબે થયો. પછી પાલીએ કહ્યું--હવે કાન મુકીદો તોપણ કહાનો બીકથી સજડ થઇ ગયેલો એટલે ભયને લીધે જે મુઠીઓ વળી ગયેલી તે છુટેજ નહી પછી તે ઓરતે પોતાનાં માણસો જે પાસેની કોટડીમાં ઉંઘી ગયાં હતાં તેમને જગાડયાં અને બાદશાહને તરતને તરત ખબર અપાવી કે ચાલો કચેરી સાથે જોવાને કે પાંચમારસિંહજી એ વાઘ ટિલિયો કાળ પકડી આવ્યો છે અને બાંધ્યો છે. આ વધામણી કહેવાને રાણાજી પાંચમારસિંહજીનાં માણસો પવનવેગે ગયાં. અને બાદશાહ પણ પવનવેગે આવ્યા; અને જોયું તો ટીલો વાઘ કાળીના કાન કહાનાએ પકડેલા છે. અને કાષ્ટની પુતળી જેવો બની ઉભો છે બાદશાહે કહાનાને કહ્યું કે રાણાજી તુમકું સાબાશ હૈ. આજકાલ વારાતો દુસરેકા થા, લેકીન તુમને બડી બહાદુરી કી હૈ. અબ ઉસકે કાન તુમ છોડ દો. તોપણ વાઘની બીકનો માર્યો કહાનો

તો તાબુત જેવોજ બની ગયેલો અને મડદાના જેવી મુઠીઓ વળી ગયેલી તેથી વાઘના કાન મુકી શકેજ નહિ બાદશાહે એક કરતાં વધારે વાર સાબાશી આપી આપીને કહયું કે કાન મુકી દો. તેમજ તેને પાલીએ પણ જાણે સમજાવતી હોય તેમ કહયું કે ખુદ હજુરબાદશાહ ફરમાવે છે કે હવે આ વાઘના કાન આપ મુકી દો. તોપણ કહાનો તો એક અક્ષર પણ બોલે નહી તેમ એ વાઘના કાન પણ છોડો નહિ. પણ બીકને લીધે તેની આંખ્યો પણ મટમટયા વગર પહોળીને પહોળી રહેલી તેથા બેબાકળા જેવો તેની સ્ત્રી અને બાદશાહ તરફ જોયા કરે તેને આ પ્રમાણે ડોળા ગગળાવતો જોઇને બાદશાહ બોલ્યાઃ—અય નેક ઓરત ! તેરે ખાવિંદકા ચશ્મ અફસોસ્ટે હુવે કયું રહે હે. આ સવાલનો જવાબ પાલીએ હાજરજવાબીથી દીધો કે ખુદાવિંદ રાણાજીને ઘણું શૌર્ય ચહડ્યુ છે; આપ જાણો છો કે જે માણુસને શુરાતનનો આવેશ ચઢે છે. તેની આંખ્ય ફાટી ને ફાટી રહે છે, અને જો તલવારની મુઠમાં હાથ હોય છે તો તેની મડાગાંઠ પડી જાય છે તેજ પ્રમાણે આ રાણાજીને પણ આ વાઘને પકડતાં શુરાતન ચઢી ગયું છે, તેથી તેમની આંખ્યો પણ આ પ્રમાણે ફાટીને ફાટી રહી છે, અને વાઘના કાન પકડયા છે, તે મુઠીઓની પણ તેવીજ મડાગાંઠ પડી ગઇ છે. તેથી તેમને અનેક ઉપાય કરીને ઠંડા પાડીશ અને જયારે શુરાતનનો આવેશ ઉતરી જશે ત્યારે તે કાન મુકી દેશે અને પાછા રોજના જેવી તબિયતથી વાતચિત કરશે. હાલ તેમની તબિયત શુરાતનને લીધે કાયમ નથી. " બાદશાહ બોલ્યાઃ—" અય બેટી તેરા ખાવિંધ અઇસા ગાઝીદૈહઇ, યહ જાનકે મેરેકો બહોત બહોત ખુશી હોતી

હેઈ, કિ તમારે જઇસે નેકબક્ષ અઉર મરદ નોકર મેરી પાદશાહીમેં ર હતે હઈ. તેરા ખાવિંદકી તબિયત ઠિકાને લાને બાસ્તે તેરેકાં જો તકલીફ પડેગી ઇસકે બદલ મેં તેરેકે ઇનામ દાખલ મેરા મોતીકા હાર ઇનામમે દેતા હું અઉર તેરા ખાવિંદકુ ભી એક બડી જાગીર તંબાપત્ર કરકે ઇનાયત કરુંગા, તુમારે ખાવિંદને હમારા મુસારા હલાલ કિયા હઇ, ઓર તુમ લોક બડે માબાપ કે ફરજંદ હો-એસી હમકો ખાતર જમા કરદી હઇ. એ પ્રમાણે કહી, બાદશાહે જે નવલખો મોતીનો હાર આપ્યો તે લેઇને નમ્રતાપુર્વક પાલી કુંભારણ બોલી:—" જહાપનાહ આપ ખુદાના જેવા કદરદાન માલિક અમારે માથે છે એ જાણીને અમો તાબેદારને જે આનંદ થાય છે તે વરણવી શકાય તેમ નથી આપના તાબેદારનું પરાક્રમ અને શુરાતન આપ નામદારના જોવામાં નજરોનજર આવે તેટલાજ માટે મેં આપ માબાપને અત્યારને અસારે અત્રે પધારવાની અરજ કરીને તસ્દી આપી તેને માટે હું આપ મહેરબાનના મુબારક કદમની માફી માગુછુ બાદશાહ બોલ્યા તેરા ખાવિંદ જેસા પાક મરદકા શુરાતનકા હમકો દીદાર તેને કરવાયા ઉસસે હમતો બહોતહી ખુશ હુવેહઇ ઓર તેરે કોંભી હમ બહોત દફે શાબાશી દેતે હઇ તો બેટા તુ માફીકો કયા બાત કરતી હઇ પાલી નમરતા બતાવી બોલી-આપમાલીકશ્રીને હવે અહિ રોકાણુ થાય છે મારા ખાવિંદની માવજતતો હુ બરોબર કરીશ તેની ફિકર આપ નામદારે જરીક પણ રાખવી નહિ પાદશાહ બોલ્યા કે અય નેકબક્ષ પાક ઓરત તુમ ઉસકી તબીઅત બરોબર ઉઠાના મેં સીબ મહેલ તરફ જાતા હું. સબેરમે જબ ઉસકી તબીયત બહાલ હોજાવે તબ ઉનકો મેરી પાસ ભેજવા કયો મેં ઉ-કો

જાગીરકી બક્ષીસ કરકે બડા દરબારમેં ઉસકો અચ્છી તરહસે ઇજ્જત દેનેકા ચહાતા હું પાછી કુમારણ મુકીને નમ્રતાથી બોલી જેવો માલેકશ્રીનો હુકમ સવારમાં તબીયત ઠેકાણે આવશે એટલે તાબેદારને હું શ્રી હજુર કદમે મોકલાવીશ.

પછી બાદશાહ અને તેમની સાથે આવેલાં બીજા દરબારી માણસો પણ ત્યાંથી ચાલ્યાં ગયાં. તે સઉએ રાણાજી પાંચ મારસીહજી ની મરદગીનાં એક અવાજે વખાણ કરવા માંડયાં કે ઓહો રાણાજી તે રાણાજી એના જેવો બહાદુર ઉમરાવ આપણી આખી બાદશાહી રયાશતમાં એક પણ નથી- આટલા આટલા દીવસ જે વાઘ ભલભલા બરકમદાજની આંખોમાં ધુળ નાંખીને શહેરમાંથી અનેક માણસોને લેઇને જતો તેને આજે રાણાજીએ પકડી પાડયો અને પકડયો તે પણ કેવી રીતે એક કુતરાને જેમ કાન પકડીને લાવે તે પ્રમાણે એ જવાંમર્દ વીરપુરૂશે ટિલિવા કાળને પકડી આણ્યો બધાય કરતાં પગાર તો વધારે લે છે ખરો પણ તેનો પગાર લેવો કુરબાન છે રોજ બેઠો પગાર તો ખાતો પણ વખત આવ્યો તેણે બતવી આપ્યું કે તે પગાર ખવાને લાયક પોતે છે ધન્ય છે એવા માત પિતાને બીજાઓ એને બેઠો પગાર ખાતાં દેખી અદેખાઈ કરે છે. પણ એણે જે કામ કરયું તેનો સોમે હિસ્સો એ કોઈ બજાવી શકે તેમ છે એનો જેનું કામ જે કરે પોતાના પરાક્રમ પ્રમાણે પગાર પણ લેજતો ત્યારથી સઉએ પાંચમારસિંહજી નુ નામ વાઘમારસિંહજી પડયું અને આખા શહેરમાં એક પહોરમાં તો રાણા પાંચમારસિંહજી ઉરફે વાઘમારસિંહજીનાં વખાણ ઠેકાણે ઠેકાણે ઝુપડામાં અને મહેલમા બજારમાં અને મહોલ્લામાં તથા ગા-

મમાં અને શીમમાં ભાણ્જી રહયાં. એક બાળકથી ઘરડામાં ઘરડાં મા ણુસ લગી સઉ કોઇ ગરીબ અને તંવગર અમીર અને ફકીર રા ણાજી અરે આપણા કહાનાજીનાં વખાણની વાતો કરવા લાગ્યા. આ તો લોકોમાં કહાનાજીની વાહવાહ થઇ. પણ હજુ બાદશાહી ઇનામ તો તેમને માટે બાકી હતું. પણ તે ઇનામ લેવાને માટે હજુ આપણા કહાનિયાના હાથજ છુટા નહોતા થયા તેનો પે । વાાના. કાન સાથેજ જાણે ચોટી ગયા હતા, હવે તે હાથ છુંટા કરવાને માટે આપણી ચતુર કંભારણ પાલીએ જે યુંકિત કરી તે સાંભળો પ્રથમ તો તેણે ખેંચીને તે હાથ છોડાવવાની મહેનત કરી, પણ કહાનાભાઇ પોતાના હાથની મડામુઠીઓ છોડેજ નહિ બિચારી પાલી તો ખેંચી ખેચીને થાકી પછી પાલીએ વિચાર્યું કે જયાં લગી આ સુરણ વાઘથા વેગળો ખસશે નહિ ત્યાંલગી તેના મનમાંથી બીક ખસવાની નથી. અને જયાં લગી તેના મનમાંથી બીક ખસશે નહિ ત્યાં લગી તેની મુઠીઓ છુટવાની નથી. અને જયાં લગી તે મુઠીઓ છોડશે નહિ ત્યાં લગી તેને વાઘથા વેગળો પણ શી રીને લઇ જઇ શકાશે છેવટ કુંભારણે એક યુકિત પોતાના મનના વીચાર ઉપર ઘડી કાઢી તેણે એક છરી લઇને એ વાઘના કાન કાપી નાખ્યા એટલે કહાના ભાઇના હાથમાં તે કપાયલા કાન આવ્યા અને કાનાભાઇ છુટા થયા. તેને પછી પાલી પોતાના મકાનના ઓરડામાં લઇ ગઇ અને થોડાક દારૂ પાયો એટલે કહાનાજી ઉરફે રાણાજી બેભાન થઇને ઘેનમાં પડયા; પછી પેલા વાઘના કપાયલા કાન સહજ ચિમળાઇ જવા લાગ્યા તેમજ ઘેનમાં પડેલા કહાનજીભાઇના હાથની મુઠીઓ પણ કાંઇક નરમ પડી એટલે તે કાન મુઠીઓમાંથી નિકળી ગયા તે

કાન કુંભારણે લઇ વેગળા મુકયા. અને ઘેનમાં પડેલા કહાનાના ઉપર ઓઢાડીને તેને ઉગી જવા દીધો તે ઉઘીને આશરે આઠેક વાગતાના સુમારમાં ઉઠયો. ત્યરે તેને બીકને લીધે તાવ આવી ગયો હતો, પણ તેનું ભાન કંઇક ઠેકાણે આવ્યું હતું. પછી પલીએ તેને કેટલીક શાન્તિ ઉત્પન્ન કરે એવા ઉપચારો કરીને તેની તબિયત ઠેકાણે આણી તે હોંશિયાર થયો. એટલે સોનાના એક ડાબ ડામાં પેલા વાઘના કાન ઘાલીને આપ્યા અને કહયું કે આ બાદશાહ હને ભેટ મુકજો. કહાનાને પાછાં કપડાં લતાં પહેરાવીને બાદશાહ પાસે મોકલવાને તઇયાર કરયો અને પેલા વાઘને બીજા માણસો પાસે સાંકળોએ બંધવીને પાંજરામાં ઘાલીને કહાનાની પછાળ તે પાંજરૂ ગડામાં ઘલાવીને મોકલ્યું, આ પ્રમાણે આગળ કહાનજી અથવા રાણાજી પાંચમાનસિંહજી અરે હવેતો વાઘમાનસિંહજી બગીમાં હથી ચાર બાંધીને કુંભારણના કહેવા પ્રમાણે બિરાજેલા અને તેમની બગી ની પાછળ પેલા વાઘનું પાંજરૂં એ પ્રમાણે આખું સરઘસ બપોર વખતે શહેર વચ્ચે થઇને બાદશાહના દરબાર તરફ જવાને નીકળ્યું.

જાણે એક મોટી મેળાની ભરાઇ હોય એમ લોકો ટોળાબંધ રસ્તામાં આપણા કુંભારિયારાણાજીને તથા તેમણે પકડી આણેલા વાઘને જોવાને એકઠા થયા હતા લોકોને એ વાઘથી બહુ દુઃખ પડયું હતું, કોઇનાં માબાપ તો કોઇનાં બાઇબહેન તો કોઇનાં સ્ત્રી પુરૂષ તો કોઇનાં છોકરાં છોડી તો કોઇનાં મિત્ર સગાં એ વાઘે મારી નાખેલાં હતાં, બાદશાહના મોટા મોટા બહાદુર અમલદારોથી પણ તે પકડાતો નહોતો કે મરાતો નહોતો. આવા વાઘને પકડીને જોર કરનાર આપણા કહાનાજીનો લોકો ચારેતરફથી જય જયકાર બોલ્યા

વતા હતા અને વખાણતા કે ધન્ય છે એની જનિતાને કે જેનો કુખે આવું બહાદુર રત્ન પાક્યું ! જો આ રાણાજી પાંચમારસિંહજી ન હોત તો આપણું સંકટ કોઇ પણ ભાગનાર નહોતુ. મનુશીઓ ચરેલો ટીલીગોફાળ રોજ એક માણસનો કોળિયો કરતો જાત અને છેવટ આપણે સઉને આ શહેર છોડીને જવાનો વખત આવત. વળી કોઇ જન્મ મરણના પ્રમાણથી અગણ્યાં એવાં માણસ તો અતીશયોક્તિ કરીને કહેતાં હતાં કે રોજનું એક માણસ ખઇ જાત તો આ શહેરની વસ્તીજ છેવટ પુરી થઇ જાત, અને બાદશાહ બાદશાહી શેના ઉપર કરત શહેરના શેઠ શાહુકારો અને કેળવાયલા માણસોએ તો ફુલની છાબડીઓ અને ફુલનાં તોરણોનો ગરકાવ કરી નાંખ્યો હતો, રસ્તામાં જતાં જતાંજ કહાનજીના બગી તો ફુલની વૃષ્ટિ થવાથી ભરાઇ ગઇ ચારે તરફ " રાણાજીના જય " "રાણાજીની જય " એવા અવાજોએ આખું નગર ગાજવા લાગ્યું બજારમાં દુકાનો ઉપર બેઠેલા સ્વભાવેજ બીકણ એવા વાણીઆ ભાઇઓ તો પોતાની તોતડી ભાષામાં કહાનજીનાં એવાં વખાણ કરતા હતા કે કંસને મારનાર શ્રી કૃષ્ણના પણ વખાણ એકવાર કોરાણે રહે, મહીં મહીં બહુજ સંભાળીને ચાલનાર અગમ ચેતીના મહાસાગર જેવા વણિક તો કહેતા હતા " બહુ ભલું થયુ કે આ પાપ પકડાયું હુંટો એ ટિલીયાને પાપે ઘરમાં રાટે ફિદડસ પન ખાટો નહિ. હારો વખટ છે ને ગલે આવીને વલગે ? " એટલે બીજા શાણા શ્રાવક ભાઇઓ કહેતા કે—" ખરી વાત શી તે ગ્યાની મહારાજ જાણે, પણ કહેવાય છે કે આ વાઘ ખાળના બાખોલામાંથી પેશી જતો તેથી કોઇના પકડવામાં આટલા દિવસ લગી આવ્યો નહિ." ત્યારે એક ઘરડો વાણિઓ બોલ્યો કે આપણે તો એ વાઘનું પાંજરું અહીં આવ્યા પહેલાંજ ઉઠીને દુકાનના ઓરડામાં ચાલો,

કેમકે એ વાઘ તો વખતે પાંજરાના સળીયા વચ્ચેથી પણ નિકળી આવે તો આપણા તો બધાના ભોગ મળે, વળી બીજાઓ બોલ્યા કે "આપણા રાણાજીએ એને પકડયો છે તે વિદ્યાના બળથી પકડયો છે અને વિદ્યાના બળથી બાંધ્યો છે એટલે હવે પાંજરામાંથી કયાં નિકળે ? મારા બા પાસે ?" આ પ્રમાણે પ્રજામાં આપણો બિચારો કહાનીઓ કુંભાર તો મોટો બહાદુર, મં વિદ્યાવાળો અને હરેક પ્રકારે હોંશીયાર ગણાવા લાગ્યો, તેનાં વખાણ ઉપર વખાણ થવા લાગ્યાં. કહાનાની બગી અને પાછળ વાઘનુ પાંજરૂ એ પ્રમાણે વરઘોડો આખા શહેરના માણસોથી વખાણાતો વખાણાતો બાદશાહના દરબાર આગળ આવી પહોંચ્યો. બાદશાહ પોતે મહેલમાંથી ઉતરી દરવાજા લગી સામો આવ્યો અને કહાનાના હાથથી હાથ મિલાવીને મોટામાં મોટુ માન તેને આપ્યુ. દરબારમાં ગયા પછી બાદશાહે પોતાની પાસે નાખેલી ખાસ માનની બેઠકે આપણા પાંચમારસિંહજીને બેસાડયા. પછી બાદશાહની આગળ પેલા કાન વાઘના કાપેલા હતા તે નજર કર્યા તથા સાથે કેદ કરીને આણેલા વાઘનું પાંજરૂં પણ બાદશાહના આગળ ભર્યા દરબારમાં રજુ કરવામાં આવ્યું.

બાદશાહે પોતાના મુખે રાણા પાંચમારસિંહને શાબાશી આપીને કહ્યું કે મેં ઘણા ઘણા બહાદુર રજપુત સિપાઇયો જોયા પણ રજપુતમાં કે સિપાઇ વર્ગમાં મેં તમારા જેવો બહાદુર મર્દ જોયો નથી. એ પ્રમાણે બાદશાહે તેનાં વારંવાર ભર્યા દરબારમાં વખાણ કર્યા અને સઘળા દરબારી લોકોએ, પણ અભિમાન કોરાણે મુકીને આપણા કહાનાજીના શ્રેષ્ઠતા કબુલ કરી. ત્યારબાદ બાદશાહે કહાનાને મોટી જાગિર તાંબાપત્ર કરીને બક્ષીસ આપી. તેમજ તેને દરબારમાં આવે ત્યારે બાદશાહ ઉભા થઇને હાથથી હાથ મેળવીને મળે એવો હુકમ પણ તે દિવસથી બક્ષવામાં આવ્યો. હવે કહાનો વિના કારણે બેઠો

પગાર ખાય છે.એમ કોઇ પણ કહી શકે તેમ નહોતું. હવે કહાના
ની યોગ્યતા સર્વ ઠેકાણે કબુલ થવા લાગી. આ પ્રમાણે રાજાના અને
પ્રજાના મનમાં કહાનાને કેટલાક દિવસ પાછા દિલ્હિમાં અમન ચમનમાં
કહાડવાનો પ્રસંગ લંબાયો. સ્રીના બુદ્ધિબળથી અને નશીબની અનુ
કુળતાથી વાઘનો પ્રસંગ તો પાધરે પાધરો ઉતરી ગયો અને ઉલટો
વધારે લાભ આપણા કહાનાભાઇને તો પ્રાપ્ત થયો; પણ
આ સંસારમાં એક એવો નિયમ છે કે જ્યારે એકવાર માણસ
ની યોગ્યતા દુનિયામાં પ્રસિદ્ધ થઇ જાય છે ત્યારે પણ તેને જં
પીને બેસવાનો પ્રસગ આવતો નથી. કેમકે યોગ્યતા ગણાયા પછી
તેની યોગ્યતાના પ્રમાણમાં તેને માથે તેના ઉપરિયો તેમજ પ્રજા
વર્ગ અને સંબંધીઓ ફરજ નાંખે છે, તેથી જો દઇવયોગે તેની યો
ગ્યતા એકવાર ઠરી ગઇ હોય તો તે બરોબર રીતે ઠરી છે કે
નહિ તેની કસોટી થવાનો વખત પણ આવ્યા વિના રહેતો ન
થી. કેટલોક વખત કહાનો તથા તેની ઓરત બાદશાહી મનમાં
રહ્યાં એટલામાં એક બીજી ઉપધિ દિલ્હીના ઉપર આવી પડી,
આ આફતથી પણ શહેરને ઉગારવાનું મહાભારત કામ બિચારા આ
પણા પ્રજાપતિ કહાનાની ઉપર આવે તેમ હતું દિલ્હીની ભાગોળ
માંજ કેટલાક ચોર લોક એવી રીતે પેઠેલા કે બીજે ત્રીજે રોજ
કોઇ પણ મુસાફરને લુંટયા વિના રહે નહી, જો લુંટવાનો લાગ તેમને
ન મળે તો શેહેરમાં ગમે તેનું પણ ઘર ફાડે અને રાતે
ખાતર ચોરીના ગુન્હા કરે. શહેર મોટું રહયું એટલે કોણ લુંટાયું કે
કોને ઘેર ખાતર પડયું તેની ચર્ચા ઝાઝી ચાલે નહી અને તે વાત
ઉપર કોઈનો વધારે લક્ષ પણ જાય નહી. તોપણ રયત વર્ગમાં એ
બાબત વધારે ચોળાવા લાગી. લોકોએ ખુદ બાદશાહને અરજી ક
વા માંડી કે ખુદ પાય તખતમાં અને પાય તખતની ભાગોળમાં આ

પ્રમાણે રૈયતમાં જાન માલની સલામત રહી શકતી નથી એ રાજ્ય કારભારની અવ્યવસ્થા સુચવે છે, અને એ અવ્યવસ્થા દુર કરવાની માલિક શીને અમારી ખાસ વિનંતી છે. આવી અરજી ઉપરથી ફક્ત કોટવાલના ઉપર હુકમ જતા કે તમારે વધારે સારો બંદોબસ્ત રાખવાને માટે કાળજી રાખવી; પણ તેથી લુંટો અગે ચોરીઓ થતી કંઇ બંધ પડતી નહોતીી, અને રૈયતને પડતી હરકત કાંઇ દુર થતી નહોતી પણ હમેશ એવો નિયમ છે કે જ્યારે વાજતું ગાજતું માં ડવે અવે અને પોતાને ઘેર રેલો આવે ત્યારે સઉની આંખ્યો તરત ઉઘડે એકવાર એવું બન્યું કે એ ચોરં લોકોને કોઇ પણ પકડી સકયું નહી તેથી તેંમણે વિચાર કરયો કે આપણે એકવાર બાદશાહ ની બાનીની બડી બેગમ છે તેના મહેલમાં ખાતર પાડીએ તો પછી રોજ ખાતર પાડવુંજ મટી જાય એવો વિચાર કરીને ચોર લોકોએ બાદશાહની બડી બેગમને મહેલેજ ખાતર પાડવાનો નિશ્ચય કરયો; અને તે લોકોએ એવી તો ચાલાકીથી ખાતર પાડયું કે બાદશાહની બડી બેગમને મહેલેજ બેગમનો ખરો કિમતી જવાહિરનો માલ જયાં હતો ત્યાંથી તેઓ પુષ્કળ જવાહિર લેઇ ગયા એટલુંજ નહી પણ કોઇને ખબર સરખી પણ ના પડી કે તે ખાતર શી રીતે અને કોણે પાડયું ? દઇવયોગે તે રાતે બાદશાહ પોતે પણ તે બેગમને મેહેલે પધારેલા હતા, અને તેમને પણ કાઇ ખબર પડી નહી. ખાતર પડયાની અને ઝવેર ગયાની સવારમાં ઉઠતાં બાદશાહને ખબર પડી, તેથી બાદશાહ તો અત્યંત ગુસ્સે થઇ ગયાં કે ખુદ મારી બેગમના મહેલમાં ખાતર પડયું અને શહેરના અને મહેલના પહેરેગિરોને કાંઇ ખબર પણ પડી નહી તો કાલે કોઇ દુશ્મન ગુપચુપ શહેરમાં પેશી જઇને શહેર કબજે કરે અથવા તો મારા જાન ઉપર હાથ ઉગામે તો પણ આ નિમકહરામ નોકરોને શી ખબર પડે

નોકરો બધા તદન ગફલતમાંજ પડયા રહે છે. માટે આ ગુન્હાનો જો તે લોકો પતો લગાડે તો ઠીક, નિકર તે લોકોને હું સખત નાશયત કરયા વિના રહેવાનો નથી. કોટવાળ વિગેરે સઉને સખત તાકીદના હુકમો લખાયા અને રાત્રિને હપેમ આપવામાં આવ્યો. બડી બેગ ના મહેલમાં પડેલા ખાતરના ચોર ને માલ છતા કર વાને માટે રાજ્યમાં ચારે તરફ અમલદારો ઉપર તાકીદ કરવામાં આવી છે તે વાત આપણા કહાના કુભારની વહુના જાણવામાં આવી; તેથી તેણે આગળથી વિચાર્યું કે એ ચોરનો પત્તો કાંઇ સહેજમાં લાગશે નહી; અને છેવટે બાદશાહની નજર રાણા પાંચમારસિંહજી ઉપર આવશે; અથવા જો કદા બાદશાહ વિસરી જશે તોપણ બીજા અમલદારો કે જેઓ કહાનાના મોટા પગાર અને માનની અદેખાઇ કરતા હતા તેઓ લાગ જોઇને બાદશાહને યાદ દેવરાવશે, એટલે પાછી નવી ઉપાધિ આવી પડશે ભાગ્ય તો કદી એક બે વાર પાધરૂં ઉતરે પણ વારંવાર કાંઇ સ્વાતીનું જળબિન્દુ છીપમાં પડતું નથી. તેથી કહાનારાણાની કિંમત થઇ જવાનો પ્રસંગ આવે, અને બાદશાહની ઈતરાજીમાં સપડાઇ જવું પડે અને તેમ ન થાય તોપણ કદી કુંભારભાઈ ચોરને પકડવાની સિપાઇગીરી કરતાં મારયા જાય તોપણ રંડાપો કપાળે ચોટે. એ પ્રમાણે ચારે તરફનો વિચાર કરીને કુભારણે વિચાર્યું કે ચોર, માલનો પત્તો લગાડવાનો દાવ રાણા પાંચમારસિંહજીને માથે આવી પડે તે પહેલાંજ છાનામાના દિલ્હી છોડીને ચાલ્યા જવુ એજ વધારે સારૂ છે. તે ચતુર કુભારણે આપણા કહાનાજીને પણ પોતાનો વિચાર કહ્યો અને તે ધણીધણીઆણી તે વિષે કેટલીવાર મસલત કરયા પછી દિલ્હી છોડીને ચાલ્યાં જવાના ઠરાવ ઉપર આવ્યાં.

બીજે રોજ રાતેજ તેઓએ વટાણા વાવી જવાનો નિશ્ચય કરયો

હતો તેથી દિવસેજ કાંઇ રસ્તાને માટે ભાતુ વગેરે લાવી મુકવાનું હ
તુ. તેથી બે રૂપીઆ લઇને કેટલીક મિઠાઇ લેવાંને માટે કંદોઇની દુ
કાને કહાનાજીને તેની ઓરતે મોકલ્યો બલ્કે કાહાનો પોતાની મેળેજ
મીઠાઇ લેવાને પડેપંડ ગયો કેમકે બીજા સિપાઇ કે નોકર ચાકર
મિઠાઇ લાવે તે તાજી અને કહાનાભાઇને રૂચે એવી લાવે નહિ, તે
થી ખાવામાં અને પહેરવામાં પહેલે નમ્બરે પ્રવીણતા ધરાવનાર કહાનો
એ જાતેજ એ કામ કરવાનું માથે લીધું. કહાનો દુકાને દુકાને ફર્યો
અને પુછ્યું કે આજની તરતની બનાવેલી મીઠાઇ હોય તે મને આપો,
હું તમને મન માન્યુ મુલ્ય આપીશ. છેવટે એક હલવાઇને ત્યાં તર
તની કરેલી મિઠાઇ તઇયાર હતી. તેણે કહાનાને કહ્યું કે અમારી
પાસે તરતની બનાવેલી મીઠાઇ છે; કહાનાએ તેને મ્હો માગ્યું
મુલ્ય આપ્યું અને તે મિઠાઈ લીધી આ મિઠાઈ લેઇને કહાનો
તો પોતાના ઘર તરફ રવને થયો. પરંતુ એ મિઠાઈના સંબંધ
માં તે હલવાઇને ઘેર પ્રથમથીજ શો બનાવ બનેલો હતો તેથી અ
મારા વાંચનારને અમારે વાકેફ કરવા જોઇયે. તે હલવાઇની માને
અને તેની વહુને રોજ ટંટો થતો. સાસુ વહુના અણબનાવ કેવા
હોય છે તે વિશે સઉના જાણવામાં છે. કહેવત છે કે—" હાડવેર ચં
ટીને ઘઉં, અને હાડવેર સાસુને વહુ." છેવટે આ સાસુ વહુ
નુ હાડવેર એટલું વધી પડ્યુ હતું કે વહુના મનમાં સાસુનું કાસળ
કુઢવાનો વિચાર નિરંતર આવ્યા કરતો હતો. એવામાં સાસુનો વિ
ચાર પાસેના એક તીર્થમાં જઈ ત્યાં દેવ આગળ બાધા લેવાનો થયો
કે—' જો એ વહુ મારી જાય તો દેવને નૈવેદ્ય કરીને રૂપાનો ઘોડો ચ
ઢાવીશ એવી માનતા લેવાની વાતતો સાસુએ મનમાં રાખીને
ઘરમાં પોતાના છોકરાને તથા વહુને કહ્યું કે મ રે તો ઘરડે ઘડપણ
જાતરા કરવાને જવું છે, માટે મને થોડીક તાજી મિઠાઇ રસ્તામાં

ભાતા કરી આપો. છોકરાએ પોતાની બાયડીને કહયું કે મારી માને માટે સારી પેઠે ઘી નાંખીને મિઠાઇ ભાતાને માટે તઇયાર કરી દે. તેથી પેલી વહુએ પોતાનાં સાસુને માટે મિઠાઇ તો સારી ખુબ ઘી નાંખીને બનાવી. પણ મનોમન સાક્ષી છે, તેથી સાસુ વહુને મારવાને માટે બાધા લેવા જતી હતી ત્યારે વહુના મનમાં પણ એવો વિચાર આવ્યો કે આ મિઠાઇમાં સોમલ નાખ્યો હોય તો બાઇજી જાતરામાંને જાતરામાંજ મોક્ષ પામી જાય, અને ફરીને મારૂં લોહી પીવાને પછી આવવાજ પામે નહીં. આવો વિચાર કરીને તે વહુએ તો ખુબ સોમલ લાવને કે પેલી મિઠાઇમાં બારેબાર પધરાવ્યું હતું. આ પ્રમાણે સાસુને માટે જાતરાની તેમજ પરલોકની સામગરી તૈયાર કરીને વહુએ ઠરવાને મુકી હતી એ મિઠાઇને મુકીને પેલી વહુ મનમાં આનંદ પામતી ઘરમાં જઇને બીજે કામે લાગી અને તેનો ધણી પેલો હલવાઇ તે મિઠાઇને પોતાની દુકાનમાં મુકીને જાળવવા બેઠો કે કોઇ કુતરૂં બિલાડું ખાઇ જાય નહી તેવામાં આપણા કહાનાભાઈ તે કંદોઇની દુકાનપર તરી મિઠાઈ લેવા ગયા. મોહના માગ્યા પઇસા મળવાથી કંદોઇનું મન લલચાયું. તેણે વિચાર્યું કે આ પણ તો ઘરનો કિસબ છે. તેથી હગણાજ ફરીને મિઠાઇ બનાવીને ડોસીને ભાતા માટે આપીશું, પણ આ તઇયાર મિઠાઇનાં બમણાં ત્રમણાં નાણાં ઉપજે છે તો આપી દેતાં વિચાર કરવા જેવું નથી આવા વિચારથી તે કંદોઇએ આપણા કહાના કુંભારને પેલી સોમલ ઝેરવાળી મિઠાઇ આપી હતી કંદોઇને પણ ખબર નહોતી કે તેમાં ઝેર છે.

કહાનો તે મિઠાઇ લઇને પોતાને ઘેર આવ્યો અને પોતાની સ્ત્રીને તે મીઠાઇ સોંપી. તે મીઠાઇ તથા પોતાનું નગદ ઝવેર વગેરે માલમતા લેઇને રાતેને રાતેજ કહાનો તથા તેના કુંભારણ દિલ્હી છોડીને નિકળી જવાનાં હતાં, તે પ્રમાણે રાત પડી એટલે કોઇ જાણે

નહીં 'તે પ્રમાણે કહાનાને લેઇને તેની ચતુર સ્ત્રીએ દિલ્હીને છેલ્લી સલામ કરીને નીકળી પણ તેને છેલ્લી સલામ કરાવવી કે નહી તે તો ભાગ્યના હાથમાં છે. કાંઇ માણસના હાથમાં નથી. દિલ્હીથી આશરે પોણો ગાઉ ગયા પછી તે સ્ત્રી પુરૂષ શું બન્યું તે જુઓ.

મધ્યરાત્રી થતાં કહાનો તથા પાલી દિલ્હી છોડીને ચુપચુપ નિકળ્યાં. તેમની સાથે નોકર ચાકર કોઇપણ તેમણે રાખ્યો નહોતો. સાદો કુંભારીઓ વેશ બંને જણે પહેરી લીધો હતો. નરદમ કિમતી ઝવેરની ગાંસડી તથા મિઠાઇની ગાંસડી પાલી કુંભારણે એક ટોપલા માં મુકીને તે ટોપલો પોતાને માથે મુકયો હતો. કહાનાભાઇ છુટે હુપટે એક લાકડી લઇને તેની પાછળ પાછળ રાતનો વખત હોવાથી બીતા બીતા ચાલતા હતા. પણ કુદરતનો એક એવો નિયમ છે કે જે વસ્તુથી આપણે નાશી છુટવા પ્રયત્ન કરીએ તેજ વસ્તુ ગમે ત્યાંથી આવીને આપણી આગળ ખડી થાય છે, તેજ પ્રમાણે આપણા કુંભારભાઇને પણ બન્યું. જે ચોરો શોધી કાઢવાનો વારો પોતાને આવશે એ ભયથી પ્રથમથી દિલ્હી છોડીને આપણો કહાનો અને તેની સ્ત્રી પાલી રાત લેઇને દીલ્હીમાંથી નીકળી નાશી જતાં હતાં, તેજ ચોર તે બીચારાં ધણિધણિયાણીને દીલ્હીથી પોણો ગાઉ જતાં રસ્તા વચોવચ મળ્યા. તે ચોરોએ આપણા કુંભાર તથા કુંભારણને ટોકયાં કે તમે કોણછો ઉભાં રહો જાવછો કયાં ? મુકો લુગડાં ત્યારે કુંભારભાઇ તો એકદમ બીકથી બોબડાજ થઇ ગયા અને કાંઈ પણ બોલી શકયા નહી પણ કુંભારણ પાલી કે જેની ચતુરાઈદ્વારા કહાનાનું નસીબ જોર મારતુ હતુ તે બોલી--ભાઇઓ ! તમે કોણછો ? અમારાં ગરીબ લોકોના લુગડાં પડાવી લેઇને તમે શા ન્યાલ થવાના હતાં ? પેલા ચોરોમાંથી એક જણ બોલ્યો—અમે તો રસ્તાના અને રાવન. વટેમારગુઓના રાજા છીએ અમે તો ચોર કહેવાઇએ.

અમે તો ગરીબ અને તવંગર સઉને એક સરખા ગણીને લુટીએ. એવો અમારો ધર્મ છે." ત્યારે પાલીએ નમ્રતાથી ઉત્તર આપ્યો કે—" ભલે જો અમારાં ચુથરાંથી તમારૂ દળદર ફીટે તેમ હોય તો લેઇ લ્યો આ અમારાં ચુથરાં. પણ દીલ્હીના બાદશાહ જેવાનો ભંડાર લુટો ત્યારે તો તમે ખરા. બાકી અમારાં જેવાં રાંક તો તમારા હુકમ તાબેજ છે " પેલા ચોરમાંનો બીજો ચોર બોલ્યો:— " એ વાતનો પણ અમારો કોડ પુરો થયો છે. આ અમારી પાસે બાદશાહી ઝવેર પણ છે અમે મહેલમાં પણ ખાતર પાડયું છે, પણ અમને આજલગી કોઇ પણ પકડી શક્યું નથી; અને ફરીને પણ એકવાર અમે બાદશાહી ભંડારમાં ખાતર પાડવાને હામત ધરીએ છીએ પણ તે દીવસે જેવા શુકન અમને મળ્યા હતા તેવા શુકન આજે મળે તો અમે અમારા કામમાં ફતેહ પામીએ." પાલી કુંભારણ બોલી—'તમારે કેવા શુકન જોઇયે?" પેલા ચોરોમાંનો એક ઘરડો માણસ બોલ્યો:-" અમને સઉને ખાવાને રજક મળે તો અમને સઉથી રૂડા શુકન મળ્યા " ત્યારે પેલી પાલી કુંભારણ બોલી:- " જો એમજ હોય તો મારી પાસે મીઠાઇ છે, તે તમારે સઉને પહોચે એટલી છે. તમને તમારા કામમાં ફતેહ મળતી હોય તો તમારા કરતાં મારે તે મીઠાઇ કાંઇ વધારે નથી." ને ચોર બોલ્યો "તમે ગરીબ માણસ છો, ત્યારે તમારી પાસે મીઠાઇ ક્યાંથી?" પાલીએ હાજર જવાબીથી ઉત્તર દીધો:-" અમે ગરીબ માણસ છીએ, પણ અમારે કાંઇ અમારા પેટ માટે ધંધો કરયા વીના ચાલે નહી, તેથી થોડી થોડી મીઠાઇ વેચાતી લાવીને આસપાસનાં ગામડામાં વેચીને ગુજારો કરીએ છીએ, કેમકે અમે જાતે હલવાઇ છીએ." આ સાંભળીને પેલા ચોરોએ કહયું કે—" ત્યારે અમને પણ તમે મીઠાઇઆપીને શુકન કરાવો. પહેલીજ લુંટમાં અમને આજે રજક મળ્યો છે

આ આજે અમે ફરીને બાદશાહી ખજાનો લુટવાને માટે જઇશું, અને ખાતરી છે કે અમે તે લુટવામાં ફતેહ પામ્યા વગર રહેવાના નથી પછી પાલીએ પોતાના ટોપલામાંથી પોતાને હથેજ પેલી મીઠાઇની પોટલી કાઢીને એ ચોરોને આપી દીધી. ચોરો પણ તાજી મીઠાઇ મળવાથી સવાદે સવાદે ખાવા લાગ્યા. જયાં એ લોકોએ ચાર ચાર કોળિયા તે હલાહલ જેવી મિઠાઇના ખાધા કે તરતજ બેશુદ્ધ થઇને બધાએ ટપોટપ પડયા. પાલીને આ જોઇને આશ્ચર્ય લાગ્યું કે આતે શુ થયું ? તેણે તરતજ અનુમાન બાંધ્યુ કે આ મિઠાઇમાં કાંઇ જાણતાં અજાણતાં પણ કોઈ જબરી ઝેરી વસ્તુ આવી ગઈ હશે તેથી આ લોકોએ ખાધી કે તરતજ બેભાન થઇને પડયા, જયાં થોડો વખત વીત્યો કે પેલા ચોરોને વધારે ઝેર વ્યાપતું ગયું અને તેઓ તરફડીયાં મારતા હતા. તે પણ બંધ પડયા. પાલીએ જાણ્યું કે દૈવગતિથી પાસું પાંચગાસ્ત્સિહજીના નશીબે જોર મારયું. પાલીએ પેલા ચોરોની પાસેનાંજ હથિયારમાંથી તલવાર લેઇને પેલા બધા એ ચોરોના ગળા ઉપર એક પછી એક ફેરવી વાળી અને તે લોહીવાળી તલવાર તેણે આપણા સમશેર બહાદુર કહાનાકુમારના હાથમાં આપી અને પેલા ચોરોના માથાંની પણ ચોટલીઓ ભેગી ગુંથીને માથાંનો ભારો ને ભારો પણ કહાનાજીના હાથમાં આપ્યો. પેલા ચોરો રખડતા ચોરો હતા તેથી તેમની પાસેજ તેઓ પોતાનો લુંટેલો માલ રાખતા તે માલ પણ બધો પાલીએ પોતાના ટોપલામાં લેઇને માથે ઉપાડી લીધો તે માલમાં પેલો બાદશાહની બડી બેગમના મહેલમાંથી ગયેલો માલ પણ હતો, અને તે ઉપરાત બીજા શાહુકારોને ત્યાં પણ ખાતર પડેલાં, અને બીજા મુસાફરોને પણ તે ચોરાએ લુટેલા તેનો પણ બધો મુદ્દામાલ હતો. એ બધું લેઇને કહાનો તથા પાલી બન્ને જણાં પાછાં દિલ્હી આવ્યાં, અને સવાર થતાં પાલીએ કહા

નાને પાજો પોશાક પહેરીને હાથમાં પેલી લોહીવાળી તલવાર તથા માથાં આપીને તથા તેની સાથે એક નોકરને માથે પેલા ચોરોએ લુટેલો અને ખાતર પાડી ચોરેલો સઘળો માલ એક ટોપલામાં ચ- ઢવીને બધું સરવસ બાદશાહ પાસે મોકલ્યું. કહાનો ચોરોથી બીન્યો હતો, પણ પેલા વાઘથી બીન્યો તેટલો બીન્યો નહોતો; અને ચોરો તો મરાયા હતા તેથી પોતાની બહાદુરીની મોટી બડાઇ મારવામાં તેને પાલીના શીખવ્યા પ્રમાણે કાંઇ પણ અડચણ પડે તેમ નહોતું. આપણા પાંચમારસિંહજી કહાનામાન તો બડા દિમાકથી શમસેર બહાદુર બનીને મોટા પરોઢમાં બાદશાહની હજુરમાં જઇને રજુ થયા અને બડાઇના ગપાટા મારીને બાદશાહને તો તેણે દિંગમુઢ બનાવી દીધા. બાદશાહે લોહીવાળી તલવાર જોઇ તથા પેલા ચોરોનાં માથાં પણ જોયાં અને પોતાની બડી બેગમનો ચોરાયેલો માલ જોયો, તથા ગામનાં બીજાં માણસોનો ચોરાયેલો માલ પણ જોયો. આ બધું જોઇને બાદશાહને આપણા કહાનાની બહાદુરી બાબતની એવી તો ખરેખરી ખાતરી થઇ કે બાદશાહ તથા તેની પાસે જે હાજર હતા તે સઘળા માણસો સાબાશ સાબાશ શિવાય બીજુ કાંઇ પણ બોલી શકયા નહી તેમના સઉના મનમાં તો એમજ આવી ગયું કે આવા શુંરવીર રાણાજીને તો જે પગાર અને જે ઇનામ આપીએ તે તો એના પરાક્રમના પ્રમાણમાં અત્યંત ઓછુંજ ગણાય. બાદશાહે તરતજ દરબાર ભરવાનો હુકમ કર્યો અને ભર્યા દરબારમાં કહાનાના વખાણ કરીને મોટું માન આપ્યું તથા ઘણા ભારે ઇનામ આપ્યાં. અને તે દિવસથી દરબારમાં બાદશાહની જમણી બાજુએ બેઠક ઉપર બસવાનું કોઇને પણ નહિ મળેલું એવું અસાધારણ માન આપણા રાણાજી સાહેબ બહાદુર કહાનાજીને મળ્યુ

તે દિવસની સાંજે બીજા શાહુકારોએ પણ પોતાનો ચોરાયલો માલ પાછો આવવાથી કહાનજીભાઇને મુબારકબાદી આપવાને માટે મોટો મેળાવડો કર્યો અને તે મેળાવડામાં ખુદ બાદશાહે ધારીને કહાના કુંભારને ઘણાં ઘણાં વખાણ કરીને સાબાશી આપી, બીજે રોજ એ બંને પોતાના દાગીના પાછા આવ્યા તેની સાથે પોતાની પ્રતિષ્ટા પણ પછી આવેલી સમજીને કહાનાને મુબારકબાદીમાં એક બાદશાહી બક્ષીસ આપી. અને કહાનાને પોતનો ભાઇ ઠરાવ્યો. આ પ્રમાણે કહાનાભાઇની સેજે ઝઝી સંપુર્ણ ચઢતી થઇ. બાદશાહી માનમાં વધારે અમન ચેનમાં કહાનો અને પાલી પોતાના દીવસ ગુજરવા લાગ્યાં બાદશાહનો માનીતો ઉમરાવ અને બડી બેગમનો ભાઇ તથા પ્રજાને અનેક પ્રકારની આફતોમાંથી બચાવનાર રઇયતનો ખરેખરો માનીતો શુરો આપણો કહાનો કુંભાર જ્યાં ત્યાં આખી દીલ્હીમાં કહાનો બાદશાહથી બીજે નંબરે પુજાતો હતો તોપણ લોકોના મનમાં તો બાદશાહ કરતાં પણ કહાનો કુંભાર વધારે યોગ્યતાવાળો જ ગણાતો હતો.. શાથીકે કહાના જેવાં પરાક્રમ કાંઇ બાદશાહે કર્યાં ન હોતાં. પાલી કુંભારણને હવે તો બાદશાહની બડી બેગમ પણ માન આપતી હતી, આ પ્રમાણે કહાનજીભાઇની તો કીરતીના અચળ કોટ દીલ્હીના દરબારમાં ગણાય, હવે તો બાદશાહના અમીર ઉમરાવો તથા અધીકારી નોકરોએ કહાનાનાં પરાક્રમથી અંજાઇ જઇને તેની ચઢતીનો દવેષ કરવાનું તજી દીધું. ઉલટા સઉ કોઇ તેનાં વખાણ કરવા લાગ્યા, તથા ખુશામત કરીને તેની પ્રીતી સંપાદન કરવાની મહેનત કરવા લાગ્યા. આ પ્રમાણે કહાનો કુંભારતો નામનોજ માત્ર પ્રજાપતી હતો ખરેખરો પ્રજાપતી થઇ પડયો. ખુદ બાદશાહ પણ હવે તો કોઇ કોઇ વાર કહાનાને ત્યાં પધારતા. આવી ચઢતીમાં ક

હાનો દીલ્હીમાં કેટલીક વખત લગી રહયો. પરંતુ સંસારમાં પ્રતીષ્ટા વધે છે તેની સાથે જવાબદારીમાં અને ફરજમાં પણ વધારો થાય છે. એકવાર કોઇ કામમાં કોઇ માણસ ફાવ્યો અને તેણે પ્રતીસ્ટા મેળવી તો બીજીવાર પણ તેવાજ મહત્વના કામમાં સઉ કોઇ તેનીજ મદદની આશા રાખે છે. તેજ પ્રમાણે બીજીવાર ફાવ્યો તો ત્રીજીવાર તેજ મદદ લેવાની લોકો આશા રાખે છે. એમ કરતાં એકાદવાર તે પોતાને માથે આવી પડેલા કામમાં ફતેહ પામી શકતો નથી. તો તેના તજ નાક તે પ્રથમ દૈવયોગથી ફાવી ગયો હતો, અથવા તો હવે તેનામાં પ્રથમ જેવી શકતી રહી નથી, વગેરે વચનો બોલીને તે માણસની કીંમતને ઉતારી નાંખે છે વળી રાજદરબારમાતો વશેસે કરીને એ પ્રમાણે માણસની કીમત ઉતરી જવાનો સભવ રહે છે. હવે આપણા કહાનાને પ્રતિષ્ટા પ્રમાણે ત્રીજીવાર તેવુંજ સખત કમ પોતાને માથે આવી પડવાનો સંભવ વધ્યો ખરો; પણ તે બાબતનું તેને કશું ભાનજ નહોતું તેને તો બડાઈ અને રોફ મારવો અને અમન ચેનમાં બાદશાહી માનની મોજ માણવી એટલુંજ ભાન હતું. પણ તેની ડાહી વહું પલી કુંભારણ કે જેની મારફત કહાનાનુ નશીબ ફળદાતા નિવડયું હતું તેને તેવી ચિન્તા વારંવાર થતી. ને કુંભારણને પણ હવે તો નશીબના સંજોગ ઉપર જબરો વિશ્વાસ બેઠો હતો તેથી તેને કોઇ કોઇ વાર પ્રારબ્ધ વિશેનો વિચાર દિલાસો આપનાર થઇ પડતો હતો. એથી આ બંને કુંભાર કુંભારણનું જોડું દિલ્હીમાં સુખ ચેનમાં હતું.

થોડોક સમય વીત્યા પછી ફરીને પણ કહાનાને માથે પાછી એક ઉપાધિ આવી પડી. કોઈ પરદેશી ધાડપાડુઓનું એક ટોળું દિલ્હીના આશપાસના પ્રગણામાં ધાડાં પાડી ગામડાંઓને લુટી લેવા લા

ચ્યું અને તેથી લોકો કાયર થઇને માથે બળતી શગડીઓ લેઇને બાદશાહ એકવાર દરબાર ભરીને બેઠા હતા, તે વખત આવ્યા દરબારમાં કહાનાભાઇ પણ બાદશાહની જમણી બાજુએ પોતાની માનભરેલી બેઠકે બેઠા હતા. આ વખતે પેલા રઇયત લોકોએ આવીને પોકાર કર્યો કે ધાડપાડું લોકો અમને ખરાબ ખસ્ત કરી નાખે છે, માટે અમારે માથે કોઇ ધણી હોય તો અમારે માથેથી આ શગડી ઉતરાવે અને એ ધાડપાડુ લોકોથી અમારૂં રક્ષણ કરે અમે તો રંક પ્રજા છીએ. તો ખરો પ્રજાપતિ હોય તેજ અમારા માથેથી આ શગડી ઉતારી અમને ધીરજ આપે. આ સાંભળીને આપણો મુર્ખ કહાનો તો સમજ્યો કે ખરેખરો પ્રજાપતિ તો હું કહેવાઉ કેમકે કુંભારને સઉ કોઇ પ્રજાપતિ કહે છે તેથી કહાનાએ તો પોતાની ખુરશી ઉપરથી ઉઠને કે પેલા રઇયત લોકોના માથેથી શગડીઓ ઉતારી નાંખી પણ કહાનાભાઇ કઇ સમજ્યા નહોતા કે શગડીએ ઉતારીશું તો પછી પેલા ધાડુપાડુઓની સાથે તલવાર બાંધીને રણે ચડવું પડશે કહાનાએ પેલા લોકેને માથા શગડીએ ઉતારી નાખી એટલે બાદશાહે તરતજ તેને સાબાશી આપી ને બોલ્યા કે—શાબાશ, રાણાજી, શાબાશ ! આ પ્રમાણે રઇયતનું દુઃખ ટાળવાને અને મારી બાદશાહીની આબાદી જાળવવાને માટે હુકમ થવાની પણ રાહ જોયા વિના એકદમ તમે તે હરામી ધાડપડુઓને જેર કરવાનું કામ માથે લેવામાં જરીક પણ ઢીલ કરી નથી. તેથી તમારા જેવા ખાનદાન બહાદુર મરદને હું જે શાબાશી આપું તે થોડી છે તમારે જે કાંઈ સાહિત્ય કે સામગરી જોઇએ તે તમે તમારી પસંદગી પ્રમાણે લેઇ લેજો. તેમજ તમારી સાથે જે કાંઇ લશ્કર કે સરંજામ જાઇએ તેમાં પણ

મને તારે પુછવાની જરૂર નથી.” આપણો કહાનો તો બાદશાહના મોઢે કહેવાનો કાંઇપણ અર્થ સમજ્યો નહી કે બાદશાહ મને પેલા ધાડ પાડુઓની સામે લડવા જવાનુ કહે છે તે તો એની મેળે મુંગે મો ઢે બેસી રહયો અને દરબાર બરખાસ્ત થઇ ગયો એટલે ઉઠીને પોતા ને ઘેર ગયો પણ રોજના રિવાજ પ્રમાણે પોતે દરબારમાં જઇને શું કરયું હતું તેના હેવાલ કહાનાએ પલીને આગળ કહયો તે ઉપરથી પા લીએ જાણ્યું કે આ મુર્ખે પોતાની મેળેજ બાદશાહના હુકમ વગર ઉપાધી વહોરી લીધી, હવે કેમ કરવું ? પણ પાલીએ જાણ્યું કે ધાડ પાડુઓના સામે કાંઇ કહાનાને એકલો મોકલશે નહી.

બીજા રોજ સવારમાં બાદશાહે કહાનાને તેડવા મોકલ્યો. અને પોતાની અશ્વશાળા (ઘોડાર)માં લેઇ જઇને તેને પોતાના સવારીના ખુદ બાદશાહી ઘોડા બાદશાહે બતાવ્યા તથા કહ્યુ કે—“ઇસ વખ્ત તુમ વો ધાડપાડુ લોકકે સામને લડનેકાં જાવ તબ. તુમારે બેઠનેકાં યહ ઘોડોમેસેં જો તુમકો પસંદ આવે વો ઘોડા લે જાવ હમ તુ મારી બહાદુરીસે બહોત બહોત ખુશ હો ગયે હૈ ઉસ્સે તુમકો હમ મોજહેતે હે.’ કહાનો આ પ્રમાણે બાદશાહની પ્રસન્નતા સાંભળીને મનમાં પ્રથમ તો ખુશી થયો, અને ફુલાઇ ગયો. પણ જયારે પો તાને માટે બાદશાહના હુકમ પ્રમાણે ઘોડા પસંદ કરવાનું કામ શરૂ કરયું ત્યારે તેણે જાણ્યું કે આપણે જન્મારા લગી કોઇ પાણીદાર ઘોડા પર બેઠા નથી. ફક્ત ગધેડા ઉપર બેશીને મોટા થયા છીએ, માટે જો કોઇ મજબુત અને જોરાવર ઘોડો પસંદ કરીશું તો હાડકાં પાંસ ળાં જુદાં થઇ જશે. માટે કોઇ દમ વગરનો નબળો પાતળો ઘોડો પ સંદ કરવો. ‘આ પ્રમાણે વિચાર કરીને તે બાદશાહના ખાસ સવારીના બધાય ઘોડાને જોવા લાગ્યો. કિયો ઘોડો પસંદ કરવો તે તેને સુજે

નહીં તેથી તેં ઘોડાઓને ફરી ફરીને જુએ. પછી છેવટે બાદશાહનો ખાસ માનતો ઘોડો 'દુલદુલ' નામના હતો. તેની પાસે જઈને તે ઘોડાને નિહાળતો અને પોતાના મનમાં વિચાર કરતો ઉભો રહયો કેમકે તે ઘોડો ઘણોજ કિમતી હતો. અને તે દેવતાઇ જેવો હતો. તે ઘોડો જમીન ઉપર ઉભો રહેતો ત્યારે ત્રીજો પગ જમીન ઉપર અડકાતો નહી, પણ તે અધર રાખતો. વળી તે નિરંતર હસ્તીની મા ફક જુલ્યા કરતો: તથા તેની આગળ રાત દિવસ ઘીના દીવાની જયોતીયો બળ્યા કરતી. આ ઘોડાને જોઇને કહાનારાણાએ વિચાર્યું કે— "આ ઘોડો અશક્ત અને માંદો છે' તેના ઉપર મારાથી બેસી શકાશે તથા આ ઘોડો મારા કબજામાં રહેશે. કેમકે તે બિચારો એક પગે તો લંગડો છે તેથી ત્રણ પગે એકદમ ઉપડી જઇ શકશે નહી; વળી તેને કાંઇ અંદરનું પણ દરદ છે તેથી આમ તેમ ડોલ્યા કરે છે, તેથી આ પ્રમાણે દુઃખથી ઝુરતો ઘોડો કાંઇ મને ફેંકી દઇ શકશે નહી; વળી તેના આગળ દિવસે પણ દીવા કરવા પડે છે તેથી તે તો આંધળા જેવો પણ હશે, તેથી આખે અખમ થયેલો ઘોડો આપણે હાંકીશું તે પ્રમાણે ચાલશે પણ મને તે પાડી નાખીને નાશી કે ભાગી જશે નહીં; માટે આપણે તો આજ ઘોડો પસંદ કરવો" આ પ્રમાણે વિચાર કરીને કહાનાએ બાદશાહેને કહયું કે:— "મને તો આ ઘોડોજ પસંદ પડે છે." બાદશાહ તો એકદમ ખુશી થઇ ગયા અને કહાનાની અરજ મંજુર રાખીને તેમણે કહાનાને સાબાશી આપી ને બોલ્યા કે:— "બહાદુર રાણાજી! આપકોંબી ઘોડેકી અચ્છી પારખ હૈ." કહાનાએ તો એ ઘોડો અશકત અને ગરીબડો તથા માંદો જાણીને પોતાને માટે પસંદ કર્યો હતો. પણ બાદશાહે તો પોતાના મનમાં જાણ્યું કે કહાનાને ઘોડાની પણ ખરેખરી પરીક્ષા છે કેમકે તેણે એટલા બધા ઘો

કામાંથી પહેલા નંબરે ગણાતા દુલદુલનેજ પસંદ કરયા. આ પ્રમાણે દૈવ અનુકુળ હોય છે. તો મુરખ પણ ફાવી જાય છે.

ઘોડો પસંદ કરીને કહાનો તો પોતાને મુકામે ગયો; અને તેણે બધી વાત પોતાની સ્ત્રી આગળ કરી. સ્ત્રીએ પોતાના મનથી વિચાર્યું કે બાદશાહી ઘોડારમાં એવો લંગડો કે આંધળો ઘોડો હોય નહિ પણ પોતાના ધણીએ જે ઘોડો પસંદ કરયો છે. તે જેની આગળ ઘોડાના દીવા બળે છે તે દુલદુલ હશે. એમ અનુમાનથી જાણી લીધું તેથી તે ચતુંર સ્ત્રી બોલી કે એ ઘોડો તો ઘણોજ પાણીવારો છે. તેના ઉપર તમે ટકી શકનાર નથી ત્યારે કહાનએ કહ્યું કે રોજની પેઠે તું કાંઇ યુકિત શોધી કાઢ. તે ઓરતે પછી દોરડા વતી તે ઘોડા ઉપર કહાનાને બાંધી લેવાની યુંકિત મુકરર કરી બીજે દીવસે પેલા ધાડપાડુઓ સામે આપણા પાંચમારસિંહજી કહાનજી કુભાર લડવા જવાના હતા તેથી બાદશાહના હુકમપ્રમાણે બાદશાહી ઘોડા દુલદુલને લેઇને ઘોડાનો રાવત કહાનાજીના મકાન આગળ હાજર થયો કહાનાને તે ઘોડા ઉપર બેસાડીને તેની ઓરતે તેને દોરડાવતી સજડ ઘોડાની પીઠ સાથે બાંધી લીધો પછી લગામ કહાનાના હાથમા આપી તેની કમરે દેખાવનીજ ખાતર તલવાર વગેરે હથીઆર પણ બાંધી લીધાં હતાં ઘોડો તો જેવો ચાલ્યો તેવોજ પવન વેગે ઉપડયો. અને કહાનાની મદદમાં જે રસાલો આપ્યો હતો, તે રસાલાના ઘોડા ચાલ્યા તેજ દિશામાં, દોડયો અને તે બધા ઘોડાની આગળ નીકળી ગયો કહાનાએ જાણ્યુ કે આ ઘોડો તે આકાશમાં લેઇ જશે. કે પાતાલમાં પેશાડી દેશે. તેથી બીકના માર્યા તેણે તો રસ્તામાં એક સુકાયલું મોટું ઝાડ આવ્યુ. તે પોતાના હાથમાં બાથ બીડીને પકડી લીધું. હવે દઇવયોગે એવું બન્યું હતું કે તે ઝાડ અંદરથી પોલુ ખવાઇ ગયેલું અને ઉપરથી સાજું જણાતું હતું.

તેથી તે જો કે મોટું દરખત જણાતું હતું. તોપણ તેમાં ભાર બધો મળીને બે ત્રણ મણથી વધારે નહોતો. કહાનાએ બાથ ભરાવી એટલે તે ઝાડ તો તેના હાથમાં આવ્યું અને મુળમાંથી ભાગી જઇને તેની બાથમાં અધર રહ્યું. આ બધું પેલા સાસા ધાડપાડુ લોકોએ દીઠું, તેથી તે લોકો તો બધા અજાયબ થઇ ગયા-કે આતે કોઇ દેવ હશે કે દાનવ હશે કે કોણ હશે કે જે આખા ઝાડને મુળમાંથી ઉપાડીને આપણા સામો લડવાને આવે છે. તેથી ધાડપાડુઓનો ઉપરી વેગળેથીજ હાથ જોડીને કહાનાને કહેવાં લાગ્યા કે—બાપજી! અમને જીવતા મુકો હવે અમે કદી પણ આ બાદશાહના રાજ્યમાં ધાડો પાડીશું નહીં. ધાડપાડુના ઉપરીએ કહ્યું કે-જીવતો મુકો, કહાનો સમજ્યો કે મને આ ઝાડ મુકી દેવાનું કહેછે; તેથી તેનો ઘાંટા પાડીને બીકનો માર્યો બરાડવા માંડ્યો કે નહી મુકું અલ્યા નહી મુકું. મુગ્ધ કહાનના મનમાં એમકે જો ઝાડ મુકીશ તો મરી જઇશ. પેલા ધાડપાડુઓ સમજ્યા કે આ તો આપણને જીવતા મુકવાનો નથી. તેથી તેમણે પોતાનો લુટનો સઘળો માલ તેની આગળ રજુ કર્યો અને દાંતમાં તરણું લઇને સહુ ઉભા તે ધાડપાડુઓનાં ઘોડાંને જોઇને કહાનાનો દુલદુલ પણ ત્યાં પોતાની મેળે ઉભો હતો. તેવામાં કહાનાની મદદ રસાલાના સવાર વગેરે આવી પહોંચ્યા. તેમણે પેલા ભયભીત થયેલા ધાડપાડુઓને કેદ કરી લીધા. તેમનો લુટ કરીને મેળવેલો માલ પણ કબજે કરી સાથે લેઇ લીધો, અને વિજયી કહાનાના ઘોડાને બીજા એક સવારે હેઠે ઉતરી દોરી લીધો, કેમકે કહાનાએ તો પોતાના હાથમાં ઘોડાની લગામ પણ બીકને લીધે મુકી દીધી હતી અને ઝાડની સાથે બાથ ભીડી મહા ગાંઠ પાડી દીધી હતી. સવારોએ જાણ્યું કે આ વીર પુરૂષને શુર ચડ્યું છે. તેથી તે કાંઇ ભાનમાં નથી. કહાનો તો બેભાનમાં ગાંડાની માફક બુમો પાડી પાડીને કહેતો કે—

વે નથી મુકવાનો ! ! " (એટલે ઝાડ નથી મુકવાનો સઉ સમજતા કે " આ ધાડુપાડુ લોકોને નથી મુકવાનો " આ પ્રમાણે વિજયી કહાનાનો વરઘોડો પાછો દિલ્હીમાં આવ્યો. તેની ખબર વિજળીને વેગે આખા નગરમાં ફેલાઇ ગઇ બાદશાહ પોતે સામઇયું કરીને તેના સામા આવ્યા. લોકો કહાનાનું વીરપણું જોઇને દિંગ થઇ ગયા. બાદશાહે પણ કહાનાને ઘોડા ઉપર બેઠેલો જોયો તો હાથમાં મોટું દરખત અને મોંડામાં " નહિ મુકુ " એવી વીર હાકો•નાદ શોભી રહયા છે બધા રસાલાના સવારો એક અવાજે કહાનાજીના સુરવીર પણાનાં વખાણ કરી રહયા છે અહો ! કેવા બહાદુર નર ! આખું ઝાડનું ઝાડ ઉઠાવીને જે રણે ચડયો છે. હિંદુ સવારો તેને ભીમસેન ની સાથ સરખાવતા હતા અને મુસલમાન સવારો તેને અલિમૂર્તુજા-નો અવતાર કહીને વખાણતા હતા. આ બધુ જોઇને બાદશાહે તો કોઇ કરોડો પ્રકારે કહાનાનાં વખાણ કર્યાં. સાબાશી આપી બાદશા-હતો પોતે પગે ચાલતા કહાનાજીના ઘોડા પાસે આવ્યા. અને બો ધ્યા:-ધન છે, રાણાજી આપને ! ! આપના જેવો વીર પુરૂષ આ દુનિયામાં પકયો નથી અને પાકનારો નથી. હવે આ છતાયલા ધાડ પાડુઓ ઉપર દયા કરીને આપ હાથમાંથી મુકી દો. કહનો કે જે બેભાનની પેઠે ફાટી આંખે બાદશાહનુ બોલવું સાંભળતો હતો તે "મુકી દો" શબ્દ સાંભળતાં બરાડી ઉઠયો-નહી મુકુ, નહી મુકુ અને તે પણ એવા જોસથી બરાડયો કે બાદશાહ પણ ભડકી ગયા પછી બાદશાહે જાણ્યું કે આ વીર પુરૂષને બહુ શુર ચડયું છે તેથી તેના સ્ત્રી પાસે તેને પહોચાડીએ એટલે તેની સારવાર કરીને તે સ્ત્રી તેની તબીયત ઠેકાણે આણશે પછી હાથમાં દરખત સાથેજ કહાનાને દિંગમુઢ અવસ્થામાં જોયો. તેણે પોતાના હાથમાં એક સોય લઇ કહાનાના બંને હાથમાં કોઇ જાણે નહીં તેમ ઘોચી એટલે તેણે •

કીને બાથ છોડી દીધી એટલે પેલું ઝાડ બાજી તરફ નમેલું હતું તે તરફજ પડેયું કહાનાને ઘોડા ઉપરથી છોડીને હેઠે ઉતરાવ્યો. પાલી કહાનાને ઘરમાં લેઈ ગઇ અને તેને ઉંઘ આવી જાય તેવી દવા પાઇ દીધી કહાનો ઉંઘી ગયો અને ફરીને જાગ્યો એટલે તેની અકકલ શુદ્ધિમાં આવી. ત્યારપછી થોડાક વખત થયો એટલે બાદશાહને ત્યાંથી માણુસ તેડવા આવ્યું અને કહ્યું કે, જો હવે રાણાજીના હાલ અને થાક ઉતરયા હોય તથા તબીયત ઠેકાણે આવી હોય તો બાદશાહ તેમને યાદ કેરે છે. કહાનને પાલીએ બાદશાહ આગળ શું બોલવું તે શીખવા રાખ્યું અને પછી બાદશાહ પાસે મોકલ્યો.

રાણાજી કહાનાભાઇનાં વખાણુ આખી દીલ્હીમાં ગાજી રહયાં અને તે સાંભળતાં સાંભળતાં બગીમાં બેસીને કહાનોજી બાદશાહ પાસે આવી પહોચ્યા. બાદશાહ પણુ આપણા કહાનાના આ છેલ્લા અદ્ભુત પરાક્રમથી એવા તો પ્રસન્ન થઈ ગયા હતા કે ન પુછો વાત આવા પરમ પરાક્રમી વીર પુરૂષ કહાનાને દરબાર ભરીને બાદશાહે તે રોજ બહુજ સત્કાર કરયો. મોટાં મોટાં ઇનામ અકરામ આપ્યાં. થોડાક દિવસ વીત્યા પછી બાદશાહ રાણા પાંચમારસિંહજી ઉર્ફે આપણા કહાના કુંભારને ત્યાં પધારયા. જે કહાનો આવો પરાક્રમી ઠરયો હતો અને જેણે બાદશાહની અદ્ભુત સેવાઓ બજાવી હતી તેને ઘેર બાદશાહ પધારે એમાં કાંઇ નવાઇ નહોતી. પણ નવાઇની વાત તો એ હતી કે તે રોજ બાદશાહે કહાનાને અને પાલાને એકાન્તમાં મળીને નીચે પ્રમાણે વાત કરી. બાદશાહે કહ્યું કે-" તમને બનેને હું મારાં બેટાબેટી પ્રમાણે ચાહુ છુ તમે બંને કોઇ ખાનદાન કુટુંબનાં માણુસ જણાઓ છો આ રાણાજી છે તે ઘણાજ પરાક્રમી અને બહાદુર પુરૂષ છે. તેમના પરાક્રમથી હું તેમના ઉપર ફિદા થઇ ગયો છું. માટે મારે રાણાજી પાંચમારસિંહજીને મારી શાહજાદી પરણાવવાનો વિચાર છે.

માંટે તમો બંને જણુવી આ બાબતમાં શી મરજી છે. તે કહેશો ? કહાનો આ સાંભળીને ખુશ ખુશ થઇ ગયો હશે અને તેણે તરતજ હા કહી દીધી હશે. એમ અમારા વાંચનારના મનમાં આવશે, પણ તેમ નહોતું. કહાનો જો કે સુખચેન ભોગવવાની પ્રીતિવાળો હતો તો પણ તેને પોતાના હિંદુપણાનું અભીમાન હતુ હિંદુ મટીને મુસલમાન ની જોડે સગાઈ કરવા ઉપર સંપુરણ તીરસ્કાર હતો તેમજ તેને પોતાની સ્ત્રી પાલી કે જે તેના આટલા બધા ભાગોદય થવામાં મદદ ગાર થઇ હતી. અને જે પોતના કમ અકલવાળા ધણી ઉપર પણ પુજ્યભાવ રાખીને તેનું હીત ચીંતવનારી હતી તેના ઉપર સંપુરણ પ્રતી હતી. તેથી કહાનો બાદશાહે કરેલી માગણી સાંભળીને વિચાર મા પડી ગયો. તેથી બાદશાહે જાણ્યું કે પોતની સ્ત્રી શું કહે છે તેની વાટ જોતો હશે તેથી બાદશાહ બોલ્યો કે જો બેટા પાલા ? હુ તને મરી શાહજાદી બરોબરજ ગણીશ. અને તારા સુખમાં કશો પણ વાંધો આવશે નહી તારા પરાક્રમી ખાવીંદનુ સુખ તને પુરેપુરૂં મળવામાં મારી દીકરી તરફથી કાંઇ પણ અડચણુ કરવામાં આવશે નહિ. તે ઉપરથી પાલીએ કહાનાને કહ્યું કે મારી તરફથી આપ કાંઇ વાંધો સમજશો નહિ પછી બાદશાહે કહાનાને કહયું કે બોલો રાણાજી તમારે કાંઇ વાંધો છે ? કહાનાએ ગરીબાઇથી અને નિખાલસપણાથી કહયું કે આપ દયાળુ બાદશાહ અમારો જે વાંક ગુનો હોય તે માફ કરશો. અમો જાતના કુંભાર છીએ, આપની શાહજાદી અમારા જેવને દેવાથી આપની દુનીયામાં હાંસી થાય. માટે આપ ખુદાવીંદ માફ કરશો બાદશાહે આશ્ચર્યથી ખુલાસો પુછ્યો કે તમે પોતાને રાણાજીના કુટુંબના કહેવરાવો છો તે શી રીતે ! કહાનાએ પોતાની અસલ ગરીબાઇથી જવાબ દીધો કે અમારા ઘરડામાં એક રાણાજી કરીને કુંભાર થઇ ગયો છે, તે ઉપરથી અમે રાણાજીના કુટુંબના કહેવાઇયે છીએ બાદશાહે થોડોક વખત વિચાર કરીને કહયું

કે અમે તે વરણનો પણ પરાક્રમી પુરૂષ હોય તેને કન્યા આપતાં અ- મારા દીનમાં હરકત નથી કહાનો નિરાભીમાનપણે પોતાના હિંદુ પ- ણાને છાજે તેમ બોલ્યો-પણ હું હિંદુ છું તેથી મને હરકત છે. અમારા હિંદુપણાને અભિમાન ધારણ કરનાર ઢેડ પગ મુસલમાન સાથે સગાઇ કરતાં હિણપત સમજે છે તો હુ કેમ વટલાઉં ? આપ માલિક શ્રી મારો ગુન્હો માફ કરશો. બાદશાહ બોલ્યા—પ્રેમ અને પદવીની ખાતર મોટી મોટી વરણના હિંદુઓ મુસલમાન સાથે સંબંધ કરવામાં અચકાતા નથી. તેનાથી તમે શું કુભાગ વધી ગયા કે ? કુંભાર કહાનો પોતાની મુળ ગરીબાઇ પ્રમાણે બોલ્યો-આપજી ! અમે તો સઉ હીંદુઓના વસવાયાં છીએ પણ જે હીદુઓ મુસલમાનો સાથે સબધ કરીને પોતાનો ધરમ બોળે છે. તે તો અમારા કરતાં પણ નાપાક તે સમજુ બાદશાહ કુંભારના નીખાલસપણાથી પ્રસન્ન થયો અને તેને ઇનામ વગેરે આપીને પોતાને સ્વદેશ પાટણમાં મોકલ્યો, તેના વંશના કુંભાર પાટણની કારીગરીવાળાં રમકડાં બનાવે છે પણ હાંડલાં ઘડતા નથી એવી દંતકથા હાલ ગુજરાતમાં ચાલે છે.

દોહરો.

ભલી ઓએ ભા સુમરે, રૂડે દિવસ રાજ;
ધર્મ સાચવ્યે જસ વધે, સાર વાતનો આજ. ૧

સમાપ્ત.

—ઐતિ[illegible]ક નોવેલ—

	કિંમત રૂ.આ.
૧ શુરવિર પૃથુસિંહ પરમાર અને નિમકહલાલ સતિ મૈના.	૧—૦-
૨ શુરવિર પૃથુસિંહ પરમાર ભાગ ૨ જો.	૧—૦-
૩ ઔરંગઝેબ અને પરમહંસ.	૧—૦-
૪ શિવાજી છત્રપતિ મહારાજ ચરિત્ર.	૧—૦-
૫ નુરજહાં અથવા સત્તરમી સદિની શેહેનશાહ બાનુ...	૦—૩-
૬ ચિતોડનો ઘેરો અકબરના	
૭ ઉદારતા રાજપુતોનો રણરાત્મા.	૦—૩-
૮ મહાદજી સીંધીઆનું ચરિત્ર.	૧—૦-
૯ અાહીલ્યાબાઇ હોલકરનું ચરિત્ર.	૦—૪—૦
૧૦ મહારાજા અશોક.	૦—૨—૦
૧૧ મેવાડની નાહોજહાંલી.	૦—૧૨—[illegible]
૧૨ જગદેવ પરમાર અને વિરમતિ.	૦—૬—૦
[illegible]ધરાજ જેસીંગ.	૧—૪—૦
[illegible]ધિરાજ પૃથુરાજ.	૧—૦—૦
[illegible]હાનદી હુસેનઆરા અથવા આગે તલેસમ.	૦—૦—૦
[illegible]નરાજ ચાવડો.	૧—૮—૦
કરણઘેલો.	

પુસ્તકો મળવાનું ઠેકાણું:—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણદરવાજા—અમદાબાદ.